REGISTERED No. B. 876.

શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રગટ થતું

बुद्धिप्रभा.

LIGHT OF REASON.

ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः

पुस्तक ५ मुं. मार्च १९१४. वीर संवत २४३९. अंक १२ मो.

વિષયાનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠ.
૧. પ્રાચીન ગુર્જર ભાષામાં જૈન સાહિત્ય.	૩૬૯
૨. દિલાસો.	૩૭૩
૩. દિવ્ય દર્શન.	૩૭૪
૪. જાણવા જોગ.	૩૭૫
૫. જીવન મણિમાળા.	૩૭૬
૬. હમારી નોંધ.	૩૭૭
૭. દિલખુશ હિતશિક્ષા.	૩૭૮
૮. દોધક છંદ અ ૧૧ ભગણ ૩ અંતે બે ગુરૂ.	૩૮૦
૯. મૃગને ઓલંબો.	૩૮૧
૧૦. પ્રવૃત્તિ.	૩૮૧
૧૧. દિલખુશ ઉપદેશિક પદ.	૩૮૫
૧૨. વિસ્મરણની જરૂરીઆત.	૩૮૫
૧૩. જીવને ઉપદેશ.	૩૮૮
૧૪. ધૂર્ત ગુરૂઓનો ગોટાળો.	૩૮૮
૧૫. સોનેરી શિખામણો.	૩૮૯
૧૬. સત્સમાગમ.	૩૮૯
૧૭. દુનિયામાં જીવદયાનો પ્રચાર.	૩૯૦
૧૮. માંસના ખોરાક વિરૂદ્ધ જાપાનની સરકાર.	૩૯૨
૧૯. ક્ષય વગેરે દરદો માટે વેજીટેરીઅન ખોરાક.	૩૯૨
૨૦. જુઠી જાહેર ખબર આપનારનો દંડ.	૩૯૩
૨૧. સ્વીકાર અને અવલોકન.	૩૯૩
૨૨. ઉપદેશ રત્નાવલી.	૩૯૬
૨૩. વિહાર.	૩૯૭
૨૪. પ્રવેશ.	૩૯૯
૨૫. આચાર્ય મહારાજશ્રીના ઉપદેશથી થએલો સંપ.	૪૦૦
૨૬. આત્મ સંવાદ.	૪૦૦

प्रसिद्धकर्त्ता—श्री अध्यात्मज्ञान प्रसारक मंडळ.

વ્યવસ્થાપક—અમદાવાદ શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક બૉર્ડીંગ-
તરફથી સુપ્રીન્ટેન્ડન્ટ, શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.—મુ. અમદાવાદ.

વાર્ષિક લવાજમ—પોષ્ટેજ સાથે રૂ. ૧—૪—૦ સ્થાનિક ૧—૦—૦

અમદાવાદ—ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રીન્ટીંગ પ્રેસમાં પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

મુની વિહારથી લાભ.

એક ખબરપત્રી લખી જણાવે છે કે બારડોલી તાલુકામાં મુની મોહનવિજયજી વિહાર કરે છે તેમના વ્યાખ્યાનનો લાભ ઘણા અધિકારીઓ લે છે. હાલમાં તેમણે એક શ્રાવકને દિક્ષા આપી તેનું નામ રત્નવિજય પાડયું છે.

તૈયાર છે ! તાકીદે મંગાવો !! તૈયાર છે !!!

ડીમી ૧૦૧ ફોર્મ ૮૦૮ પાનાનો મહાન ગ્રંથ.

આનન્દઘન પદ ભાવાર્થ સંગ્રહ.

શ્રીમદ્ આનન્દઘનજીના આધ્યાત્મિક, વૈરાગ્યાદિક, ઉત્તમ રહસ્યવાળા ૧૮ પદો કે જેનો ભાવાર્થ સમજવા અનેક મનુષ્યોની તીવ્ર જિજ્ઞાસા હતી તે પદો ઉપર આચાર્ય બુદ્ધિસાગરસૂરિજી મહારાજે સ્પષ્ટ રીતે વિસ્તારથી વિવેચન કરી જીજ્ઞાસા પૂર્ણ કરી છે. તે સાથે શ્રીમદ્દનું ચરિત્ર પણ ઉત્તમ રીતે દાખલ કર્યું છે. ઉંચા કાગળ, નિર્ણયસાગર પ્રેસની સુંદર છાપ ને મનોહર પાકી બાઇન્ડીંગ છતાં કીં. માત્ર રૂ. ૨-૦-૦.

ઠે. નાગોરીશરાહ. અમદાવાદ. } શ્રી જૈનશ્વેતાંબર મૂ૦ બોર્ડીંગ.

ભેટ આપવાની છે.

રા. રા. શેઠ જગાભાઈ દલપતભાઈ બી. એ. તરફથી ‘જૈન ધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ’ નામના પુસ્તકની ૩૦૦ નકલો, દરેક જૈન લાયબ્રેરી, જૈનશાળા તથા પૂજ્ય મુનિ મહારાજોને પોતાના ટપાલ ખરચથી ભેટ આપવા માટે અમને મળી છે માટે જેમને જોઇએ તેઓએ નીચેના સ્થળેથી પોસ્ટ કાર્ડ લખી મંગાવી લેવી. હવે ફક્ત જુજ નકલો બાકી રહી છે.

વ્યવસ્થાપક “બુદ્ધિપ્રભા.”

ઠે. નાગોરીસરાહ—અમદાવાદ.

જ્ઞાન ભંડારો અને પુસ્તકાલયોને ભેટ.

શ્રીમદ્ બુદ્ધિસાગરજી કૃત શ્રી આનન્દઘનપદ ભાવાર્થ કે જે ૧૦૧ ફર્મા ડેમી ૮૦૮ પૃષ્ટનો નિર્ણય સાગર પ્રેસની સુંદર છપાઇ અને ઉત્તમ બાઇન્ડીંગવાળો ઉત્તમ ગ્રન્થ છે અને તે રૂ. ૨) ની કીંમતનો છે તેની થોડી નકલ જૈન જ્ઞાન ભંડારો અને પુસ્તકાલયોને મર્હુમ શા. મુલચંદ સરૂપચંદના ટ્રસ્ટીઓ તરફથી ભેટ આપવાની છે. ત્વરાએ મંગાવી લેવી, નકલો થોડી છે માટે શીલક હશે ત્યાં સુધી મોકલવામાં આવશે. ગેરવલે ન જાય તે માટે પોસ્ટ ખર્ચ જે રૂ. ૦=) આવશે તેટલા પુરતા વી. પી. થી મોકલવામાં આવશે. ચોક્કસ ઠેકાણા સાથે નીચેના સરનામે તાકીદે લખોઃ—

વકીલ મોહનલાલ હેમચંદ.

મુ. પાદરા. (ગુજરાત.)

બુદ્ધિપ્રભા.

(The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ।
सत्यासत्यविवेकदं भवभयभ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૫ મું.] તા. ૧૫ માર્ચ સને ૧૯૧૪. [અંક ૧૨ મો.

प्राचीन गुर्जरभाषामां जैन साहित्य.

आत्मशिक्षा.

(સંશોધક જૈનાચાર્ય બુદ્ધિસાગર સૂરિજી.)

(અનુસંધાન ગતાંક ૩૪૦ પૃષ્ઠથી.)

दोहरा.

जिनवाणी नित्ये नमी, कीजे आतम शुद्ध।
चिदानन्द सुख पामीइं, मीटें अनादि अशुद्ध ॥ १८३ ॥
शुद्धातम दरस विना, कर्म न छूटे कोइ ।
ते कारण सुद्धातमा, दर्शन करो थिर होइ ॥ १८४ ॥
आत्म अनुभव तिरथे, मिटे मोह अंधार ।
आप रूपमें झलहले, नहि तस अंत अपार ॥ १८५ ॥
ते आत्मा त्रिविधा कह्यो, बाहिर अंतर नाम ।
परमात्म तिहां तीसरो, सो अनंतगुण धाम ॥ १८६ ॥
पुद्गलसें राता रहे, जाने एह निधान ।
तस लाभे लोभ्यो रहे, बहिरातम अभिधान ॥ १८७ ॥

॥ अथ अंतर आत्मलच्छन

पुद्गल खलसंगी परे, सेवे अवसर देख ।
तनु आसक्त ज्युलकडी, ज्ञानभेद पद लेख ॥ १८८ ॥

बहिरातम तज आतमा, अंतर आतम रूप ।
परमातमने ध्यावतां, प्रगटे सिद्ध स्वरुप ॥ १८९ ॥
पुद्गलभाव रुचि नहीं, तापे रहे उदास ।
सो अंतर आतम सहे, परमातम परकास ॥ १९० ॥
सिद्ध स्वरुपी जो कहे, पण कशु न देखुं रुप ।
अंतर दृष्टि विचारतां, एते सिद्ध अनुप ॥ १९१ ॥
अनुभव गोचर वस्तुको, जाणे एहि आल्हाद ।
केणण सुणणमें किसु नही, पामे परम आल्हाद ॥ १९२ ॥
आत्मा परमात्म होइ, अनुभव रस संगते ।
द्वैतभाव मल निसरे, भगवंतनी भक्ते ॥ १९३ ॥
आतमसंगे विलसतां, प्रगटे वचनातीत ।
महानन्द रस मोकलो, सकल उपाधि रहित ॥ १९४ ॥
सिद्ध सरूपी आतमा, समतारस भरपूर ।
अंतरदृष्टि विचारतां, प्रगटे आतम रूप ॥ १९५
आपोआप विचारतां, मन पामे विसराम
रसस्वाद सुख उपजे, अनुभव ताको नाम ॥ १९६ ॥
अनुभव चिंतामणि रतन, अनुभव हे रस कूप ।
अनुभव मारग मोक्षको, अनुभव शुद्ध स्वरुप ॥ १९७ ॥
चिदानन्द चिन्मय सदा, अविचल भाव अनंत ।
निर्मल ज्योति निरञ्जनो, निरालंब भगवंत ॥ १९८ ॥
कंत कमलपर पंकथी, निसंगे निर्लेप ।
जिहां विभाव दुरभावनो, नहि लवलेशे खेप ॥ १९९ ॥
जुं नवनीतथी जलवले, तब घृत प्रगट खास ॥
त्युं अन्तर आत्मथकी, परमातम परकास ॥ २०० ॥
शुद्धातम भावे रह्यो, प्रगट निर्मल ज्योति ।
ते त्रिभुवन शिर मुकुटमणि, गइ पाप सवि छोड ॥ २०१ ॥
निज सरुप रहतां थकां, परमरुपको भास ।
सहज भावथी संपजे, उरते वचन विलास ॥ २०२ ॥
अन्तरदृष्टि देखई, पुद्गल चेतन रु
पर परिणति होइ वेगली, न पडे ते भव कूप ॥ २०३ ॥

अंतरगत जाण्या विना, जे पहिरे मुनि वेस ।
शुद्ध क्रिया तस नवि होइ, इम जांणी धरो नेह ॥ २०४ ॥
अंतरगतनी वातडी, नवि जाणे मति अंध ।
केवल लिंग धारितणो, न करो ते प्रसंग ॥ २०५ ॥
अंतर आत्म स्वभाव छे, जे जाणे मुनिराय ।
कर्ममेल दूरे करे, इम जाणी मन मांह्य ॥ २०६ ॥
आत्मवस्तु स्वभाव छे, ते जाणे ऋषिराय ।
अध्यातम वेदि कहे, इम जांणी चित्तमांहि ॥ २०७ ॥
आतम ध्याने पूर्णता, रमता आत्म स्वभाव ।
अष्टकर्म दूरे करे, प्रगटे शुद्ध स्वभाव ॥ २०८ ॥
लाख कोड वरसां लगे, किरियाए करी कर्म ।
ज्ञानी श्वासोश्वासमां, इम जाणो ते मर्म ॥ २०९ ॥
अन्तर मेल सवि उपशमे, प्रगटे शुद्ध स्वभाव ।
अव्याबाध सुख भोगवे, करि कर्म अभाव ॥ २१० ॥
अक्षय ऋद्धि लेवा भणी, अष्टकर्म करो दूर ।
अष्टकर्मना नाशथी, सुख पामे भरपूर ॥ २११ ॥
सदा सुखी संतोषी जन, सदा शुद्ध रस लीन ।
इंद्रादिक जस आगले, दीसे दुःखिया दीन ॥ २१२ ॥
जे सुख नहि सुर रायने, नहि राणा नहि राय ।
जे आतम सुख अनुभवे, ते सम संतोष पसाय ॥ २१३ ॥
सुर गण सुख त्रिहु कालना, अनंत गुण ते कीध ।
अनंत वर्गे वर्गित कया, तो पण सुख समिद्ध ॥ २१४ ॥
ते सुखनी इच्छा करो, तो मूको पुद्गल संग ।
अलप सुखने कारणे, दुःख भोगवे पर संग ॥ २१५ ॥

अथ परमात्म लच्छन ॥

न्यारो आप स्वरूपमें, न्यारो पुद्गल खेल ।
सो परमातम जाणिए, नहि जस भवको मेल ॥ २१६ ॥
नामातम बहिरातमा, थापना कारण जेह ।
सो अंतर द्रव्यातमा, परमातम गुण गेह ॥ २१७ ॥
भावातम सो देखीए, कर्म मर्मको नाश ।
जो करुणा भगवंतकी, भावे भाव उदास ॥ २१८ ॥

परम अध्यातमने लखे, सद्गुरु करे शुभ संग ।
तिणकुं भव सफलो होइ, अविहड प्रगटे रंग ॥ २१९ ॥
धर्मध्यानको हेत यह, शिव साधनको खेल ।
एसो अवसर कब मले, चेत सकेतो चेत ॥ २२० ॥
वक्ता श्रोता सवि मले, प्रगटे निज गुण रूप ।
अखय खजानो ज्ञानको, तिन भुवनको भूप ॥ २२१ ॥
अष्ट कर्म वनदाहिके, तप सिद्ध जिन चंद ।
तास समो अध्यागणे, ताकुं वंदे इंद ॥ २२२
कर्म रोग औषध समी, ज्ञान सुधारस वृष्टि ।
शिव सुख अमृत सरोवरी, जय जय सम्यग् दृष्टि ॥ २२३ ॥
ज्ञान वृक्ष सेवो भविक, चारित्र समकित मूल ।
अमर अगम फलपदल हो, जिनवर पदवी फूल ॥ २२४ ॥
जो चेते तो चेतजे, जो बूजे तो बूज ।
खानारा सहु खायसे, माथे पडस्ये तुज ॥ २२५ ॥
आप सवारथ सहु मिल्युं, न करे तुज कोइ सार ।
परमारथ जाण्यो नहीं, भुल्यो तुंहि गमार ॥ २२६ ॥
परमारथ जब जाणीयो, चिहु गति दिखइ पास ।
पजव सवि दूर लेखवे, आपही रहे उदास ॥ २२७ ॥
निरासपणे चित्त ठरे यदा, आपहि मग्नता होय
मुहूर्त एक रहे मग्नता, सांतरस पावे सोय ॥ २२८ ॥
काया वचन मन त्याग करी, आपहि ज्योति जगाव ।
घाति कर्मकुं खय करी, केवल लच्छी पाव ॥ २२९
अनंत अतिशय तस हुवा, लोकालोक प्रकाश ।
भव्य जीव प्रति बूजक, पूरे शिवपुर वास ॥ २३० ॥
कर जाणे सो जगत हे, उपशमाव संत ।
जस घट रीस न ऊपजे, ते सदा भगवंत ॥ २३१ ॥
दासीनता सरलता, समता रस फल साख ।
पर कथनीमां मत पडो, निज गुण निजमां राख ॥ २३२ ॥
जाण्युं तो तेहनुं खरु, मोहे नवि लिपाय ।
सुख दुःख आवे जीवने, हर्ष शोक नवी थाय ॥ २३३

आ भव जो समजो नही, पडसे वात उधार ।
फरी ते मलवुं दोहिलुं, भमतां भव अपार ॥ २३४ ॥
मुरख नर जाणे नही, खिण लाखीणो जाय ।
काल अचिंत्यो आवस्ये, सरणे को नवी थाय ॥ २३५ ॥
अवसर आवे अवस्य करे, अवसर आवे मत भूल ।
अवसर चूक्या जे नर, ते माणस कोडी मूल ॥ २३६ ॥
नरभव चिंतामणि समो, जीव तुं एले म हार ।
जिनशासन मन थिर करी, जीव तुं आप संभाल ॥ २३७ ॥
भोग भला ते नर लहे, हर्षे दीजे दान ।
समकित सहित शिवपद लहे, अनंत सुखनो ठाम ॥ २३८ ॥

" दिलासो. "

(પાદરાકરનો સંગ્રહ,)

ગઝલ.

રહે રોતું હૃદય મ્હારા ! રહે છાનુ હૃદય મારા !
થવાનું તે થયું છે હા ! તપેથી શું ? રડેથી શું ?
વિચારો જે યુવાનીમાં ! ઉછાળાં મારતા તુંમાં !
ગયા છે દા ! શમ્યા છે હા ! નથી કાંઈ રહ્યું આંહી !
ફુલી વેલી, તરંગોની, ઘુમાતી જાય રેલાતી !
પડયું પાણી, ઉનું તેમાં, રહી છે બંધ રેલાતી !
હવે જે થાય થાવા દે, પડે માથે નીભાવી લે !
વિચારો સર્વ જાવા દે, મગજમાં એ સમાવા દે !
વિધાતાએ લખ્યું કર્મે, થઇ વીલું નહી માન !
ફળો રૂડાં, તથા કુડાં, બીજાના કામનાં વેહ !
હવે જે કંઇ રહ્યું બાકી, વિચારીને, સુધારી લે !
રહ્યું પાસે, નથી કાંઈ, કંઇ છે એમ માની લે !
રડંતાને, બળંતા એ, બની જે વાત ના જાશે !
હૃદય ઘેલા, વિમાસીનેજ, હાની અંતમાં થાશે !
વિચારી શોક મુકી દે, ભીંજાવા ગાલ મુકી દે !
જીવન ઘેલા, મને સંતાપ, થાતા સર્વ છોડી દે !
કદિ જો આંસુડાં આવે, કદી ખોટુ મને લાવે !
નથી કો વિશ્વમાં સુખી, વિચારી આંસુ લુછી દે !

સહુને આપતો શાંતિ, સુધારક સદ્ય કહેવાયે !
જીવન તુજ માટ તો, રાહુ તણો અવતાર છે ધાર્યો !
દિલાસો આ પ્રવાસી, પ્રાણુ કેરો ધારજે અંતર !
બધુએ ભૂત ભૂલીને, મળી જા સૂક્ષ્મ ભાવીમાં !
ઠગાયું છે, ફસાયું છે, બધું ભુલી ધીરૂ થાજે !
ફરી વિચાર એ આવે ! ધરી શાંતી સદા રહેજે !
યદિ બ્રહ્માંડની લક્ષ્મી, તણો માલી હુ હો તે !
સમર્પીને સુખી કરવા, મથું પણુ રંક છું બાપુ !

दिव्य दर्शन !

(પાદરાકર.)

હૃદય શું આજ રસે છલકાય ?!
હૃદય શું આજ રસે રંગાય ?!
દર્શન દિવ્ય અહો થાતાં ?! હૃદય શું ?!
પ્રીતિ સરોવર સ્નેહની પાળે—જોને !
પ્રેમજળ છંટાયું રસપૂર—
રસમાં રસબસ થાતાંરે—?! હૃદય શું ?!
કેફ કરી મ્હેં તો પ્રીતિ લતાની—જોને !
ભાન ભુલાયું ગાંડોતૂર—
દર્શન દિવ્ય કરાયાંરે—?! હૃદય શું ?!
કાંઇ કાંઇ રંગો ધરતું—હૃદય અમોલૂં જોને !
જો તું હૃદય મૂર્તિનું નૂર—
એ નૂર મુજ ન્હવરાવેરે ! હૃદય શું ?!
અગણિત ચંદ્રતારા—સૂર્યની રાશી જોને !
વધતો જીવન પ્રીતિ સૂર—
કોઇક વીરલા પાવેરે ! હૃદક શું ?!
પૂરક રેચક કરી કુંભક બ્રહ્મરંધ્રે જોને !
ઉતરી દ્રષ્ટિ નાભિ સનૂર—
મૂર્તિ હૃદય વિરાજીરે— હૃદય શું ?!
શાંત રસે એ ભીની ! પ્રેમની તરતી જોને !
ન્હાતી નવરાવી રસપૂર—
તન્મયના અનુભાવેરે—! હૃદય શું ?!
ઉજ્વલ મંગળ મૂર્તિ એ—સૂક્ષ્મ વિહારી જોને !
જસ દર્શનથી દુખ સૌ દૂર—
આત્માનંદ બહાવેરે—! હૃદય શું ?!

ધન્ય આ હૃદયને નેત્રો ! દર્શન કરતાં જોને !
દર્શનથી ઉજ્વલ તેજ !
મણિ મંદિર છવાયેરે ! હૃદય શું ? !
અસંખ્ય પ્રદેશી આત્મા ! જળહળતો જ્યોતિવાળો !
તસ દર્શન મન ઓજસ પૂર !
દર્શન દિવ્ય કહાવેરે ! હૃદય શું આજ ? !

हमारी नोंध.

નવમી જૈન શ્વેતામ્બર કોનફરન્સ—શ્રી જયવંતી કોનફરન્સની નવમી બેઠક શ્રી મુંબાઇ મધ્યે મેળવવાની હીલચાલ થવાની આશા જૈન એસોસીએશન ઑફ ઇન્ડીયાની એક મળેલી મીટીંગ ઉપરથી ઉભી થઇ હતી પણ તે વિષે આગળ શું પ્રયત્ન થયો તે હજુ જણાયું નથી. ગયા અંકમાં જણાવ્યા મુજબ પવિત્ર તીર્થસ્થળના ચરણમાં લઇ જવાને પ્રયત્ન થાય તો અધિષ્ઠાયક જરૂર સહાય થશે. આમ વિચાર અને વિમાસણમાં આપણે પાછા પડતા જઇએ છીએ જે આપણી કોમની ઉન્નતિ માટે ઘણું સોચનીય છે.

ગ્રન્થો ભેટ મેળવવાની જીજ્ઞાસા—અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ તરફથી પ્રગટ થતા ગ્રન્થો બહુજ અલ્પ કીમતે વેચાણ કરાય છે તોપણ ઘણાઓને તે તદ્દન ભેટ મેળવવાની જીજ્ઞાસા થયા કરે છે. અને તે જીજ્ઞાસામાં એક દાખલો એવો બન્યો છે કે અમુક ગ્રન્થના જે સહાયકો હોય તેઓ દરેકને જુદા પત્ર લખી એક એક નકલની માગણી કરે છે. પણ તે સહાયકોને સહાયના બદલે યોગ્ય નકલો મળી હોય તેનો તેઓએ તાત્કાલીક ઘટતી વ્યવસ્થા કરી લીધી હોવાથી તેવા પત્રો હમારી તરફ આવ્યા છે. આવી રીતે માગણી કરવાની રીત હમે ધારીએ છીએ કે સહાયકોને ભુલાવો ખવડાવનાર નીવડે છે. પ્રકાશકો અને સહાયકોએ સારા સારા પત્રો લખી, છતી શક્તિએ દ્રવ્ય ન ખરચતાં ભેટ મેળવાની યુક્તિ કરનારાઓ કોણ છે? જે સંસ્થાનું નામ લખે છે તે સંસ્થા તે ગામમાં કેવી ચાલે છે? તેનાં પુસ્તકોનો સદુપયોગ કેવી રીતે થાય છે? તેનો વહીવટ કરનાર કમીટી છે કે નહિ? બંધારણ શું છે અને ખાસ કરીને સેક્રેટરી વાર્ષિક રીપોર્ટ કોઇ પણ રીતે પ્રગટ કરે છે કે નહિ તે જાણવાની માગણી કરવી અને પછી ભેટ આપવા યોગ્ય ગોઠવણ કરવી. તેમ કરવાથી ખરી ભેટ મેળવનારી સંસ્થાઓ કઇ છે તે જણાશે અને મજકુર બાબતોમાં જે પછાત હશે તે સંસ્થાઓ નિયમીત બનવાને પ્રેરાશે.

કચ્છી જૈન બોર્ડીંગનું બંધ થવું—અન્ય કોમો બોર્ડીંગો અને અનાથાશ્રમો તથા ઉદ્યોગ શાળાઓ સ્થાપન કરવા પ્રેરાય છે ત્યારે જૈન કોમમાં પાલીતાણા ખાતે ઉપલી બોર્ડીંગ ચાલતી હતી તે બંધ કરવાના ખેદજનક સમાચાર બહાર આવ્યા છે.

પાલીતાણા રેલ આવવા પછી લીંમડી સ્થળ પસંદ કરવામાં આવ્યું હતું તેજ હમારી સમજ મુજબ કંઈ ઉતાવળ થઇ હતી. હજુ તેના દાનેશ્વરી સ્થાપકો જો તેને અમદાવાદ જેવા વિદ્યાની સગવડવાળા સ્થાને ચાલુ રાખે તો ખર્ચમાં ઓછાસ થવા સાથે પરીણામ પણ ઉચ્ચ આવે. શેઠ વસનજીભાઇ અને શેઠ ખેતસીભાઇએ અર્પણ કરેલ દ્રવ્યનો તેઓ કદાચ બીજા માર્ગે સદ્‌વ્યય કરશે પણ સૌથી વધારે શોભાભર્યું અને વખતને અનુસરી સ્થાપવામાં આવેલ ખાતુ વિચારપૂર્વક અનુકૂળ સ્થળે ચાલુ રહે તેજ વધારે હીત કરતા છે.

जीवन मणिमाळा !

(પાદરાકર.)

મનુષ્ય એ આ સંસાર સાગરનો પ્રવાસી છે ને મનુષ્યનું એક પેઢી છે. આ પેઢીમાં આપણે જે રકમ મુકીએ છીએ તે સવ્યાજ પરત મળે છે. આનંદ કિંવા દુખ આ બે પૈકી ઇચ્છામાં આવે તે રકમ તમે આ પેઢીમાં જમા કરાવો-કાળક્રમે ચક્રવર્તિ વ્યાજ સાથે તમને તે પાછી મળશેજ.

મૃત્યુના સખ્ખ્તપથી પણ વધુ કઠીણ એવું આ જગતમાં કંઈક છે ખરૂં. અને તે દુર્માર્ગગમન અને દુષ્કૃતીથી પ્રાપ્ત થયેલા અંતીમ અપયશનું અનુભવ જન્યજ્ઞાન એ છે.

મનુષ્યના જીવનનું કોઇ પણ એક કાયમનું ધ્યેય હોવું એ પરમ પરમ આવશ્યક છે. જે જે ભિન્ન ભિન્ન પ્રકારના લોકોના સહવાસમાં આપણે આવીએ છીએ તે તે મનુષ્યની લહરી પ્રમાણે-પ્રતીપળે તે ધ્યેયમાં ફેરફાર કરવો એના જેવું આત્મઘાત મુર્ખપણું બીજું કોઇ પણ નથી.

વિવેક એ મનુષ્યના હૃદયરૂપી ન્યાય મંદિરનો "પંચ" છે. આ પંચની ન્યાય પદ્ધતિ તદ્દન વિચીત્ર છે. ન્યાયનું કામ આગળ ચાલુ કરતાં પહેલાંજ તે તેનો નીકાલ કરી નાંખે છે.

ભવિષ્યકાળના સુખનો નાશ ન થાય એવી રીતે સાંપ્રતકાળના સુખનો ઉપભોગ મનુષ્યોએ લેવો જોઇએ.

મિત્રમંડળમાં ચાલતું સંભાષણ એ શ્રેષ્ઠ પ્રકારનું મનોવિનોદન છે. પણ તે પટા ખેલવાની રંગભૂમિ અગર શેત્રંજનો ખેલ નથી એ દરેકના લક્ષમાં લેવા જેવું છે.

આપણા ઇષ્ટમિત્ર સહવર્તમાન જે સુખનું સેવન કરવાનો લાભ મળે છે તેની મીષ્ટતા કંઇ ઓરજ હોય છે.

બીજાના દુઃખના મેં બદલાથી આપણે સુખ મેળવવું એ ખરા સુશીલ મનુષ્યનું લક્ષણ નથી.

બીજાને ઉદ્દેશીને નાકનાં ટીચકાં ચઢાવનાર મનુષ્ય હમેશાં ક્ષુદ્ર બુદ્ધિનોજ હોવો જોઇએ એમ લાગે છે. બીજાની યોગ્યતા કમી થાય તો આપણી યોગ્યતા વધે એવી તેની સમજ હોવાથી તેની હમેશાં નીચ પ્રવૃત્તિજ છે.

મન આનંદી રાખવું એના જેવું બીજું પથ્ય નથી.

મનુષ્યમાં સ્વાભાવિક પાશવી અને આસુરી અંશ છે. તેમજ દૈવી અંશ પણ છે. પાશવી અને આસુરી અંશ તાબામાં લાવવાનો અને દૈવીઅંશની ઉપાસના કરવાનો પ્રયાસ કરવો જોઇએ.

અનુભવ અને જ્ઞાન તરૂણાવસ્થામાં વિશેષ હોવાને લીધે અને મનોવિકાર પ્રબળ હોવાને લીધે મનુષ્યોને મોહજાળમાં સહજ ફસાવાનો સંભવ આ વયમાં વિશેષ રહે છે.

શુદ્ધ અંતઃકરણના જેવી મૂલ્યવાન બીજી મિલ્કત નથી.

વિષય લંપટ થવું એટલે પશુ બનવું !

સૂક્ષ્મ જીવનના માર્ગો બહુ અટપટા છે. વીરલા પ્રવાસીજ તે માર્ગે કુશળક્ષેમ પહોંચી ઇચ્છીત પ્રાપ્ત કરી શકે છે. પણ તેવા પ્રવાસી વીરલાજ.

हमारी नोंध.

હિંદુ ધર્મમાં હિંસાનો નિષેધ.

ગયા અંકમાં B ની સહી સાથે પ્રગટ થયેલ લેખ તરફ વાંચકોનું લક્ષ ખેંચવાની જરૂર એટલા માટે છે કે આ જમાનો જ્ઞાનનો અને તેનો આધાર લઇ યોગ્ય પ્રયાસ કરવાનો છે તેમાં જે સુસ્ત રહે છે તે પાછળ પડે છે, જ્યારે હૃદયની લાગણી વડે જે આગળ વધે છે તે જય પામે છે.

પ્રાણી રક્ષક સંસ્થા મુંબાઇ ખરેખર ઉપયોગી કાર્ય બજાવે છે. થોડા વર્ષો ઉપર ધરમપુરના નામદાર મહારાજા સમક્ષ સભા થઇ હતી અને સેંકડો પંડીતોએ હિંદુ ધર્મમાં હિંસાનો નિષેધ છે અને તે કાર્ય નીતિ અને વ્યવહારની નજરે પણ નિંદનીય છે તથા અનર્થકારક છે એમ જાહેર કર્યું હતું અને તે અભિપ્રાયો એકઠા કરી આપણી જૈન શ્વેતામ્બર કૉનફરન્સે એક પુસ્તકના રૂપે પ્રગટ કર્યા હતા. તેમજ દેશી રાજ્ય કર્ત્તાઓને તે પુસ્તક મોકલવામાં આવ્યું હતું અને જીવોની રક્ષા માટે અરજીઓ કરવામાં આવી હતી, તેનું પરિણામ આપણે જોઇ ગયા છીએ તેમ સારૂંજ આવ્યું છે. ઉપરાંત મજકુર સંસ્થાએ હાલમાં શરૂ કરેલ પ્રયત્નથી તેવા અભિપ્રાયોની સંખ્યામાં વધારો થવાનું પરિણામ વિશેષ સારૂંજ આવશે. અગાઉ મળેલા લગભગ ત્રણસો ઉપર અભિપ્રાયોમાં જેમ સમર્થ વિદ્વાનો છે તેમ આ સંસ્થાના પ્રયત્નમાં પણ સમર્થ ગાદીપતી શંકરાચાર્યો, મહામહોપાધ્યાય પંડીતો, ઇત્યાદિ સમર્થ વિદ્વાનો જણાય છે.

આ પ્રસંગે અમે સૂચના કરવાની જરૂર જોઇએ છીએ કે તેવા અભિપ્રાય દર્શક મહાશયો જો પોતાની લાગવગ કે સત્તાનો પ્રેમપૂર્વક સદુપયોગ કરે તોજ આપેલા અભિપ્રાયનું ખરૂં સાર્થક થાય, કેમકે હજુ એવા ઘણા સ્થળો છે કે જ્યાં ધર્મના નામે–અજ્ઞાનતા વડે–સેંકડો પ્રાણીઓ કમોતે મરે છે; તેવા સ્થળોએ–ગાદીપતીઓ કે પંડીતો પોતાની જાતિ મહેનતે–ઉપદેશ અને દલીલપૂર્વક સમજાવટ વડે–જોઇતી અસર ઉપજાવવાનો પ્રયાસ સારા પ્રમાણમાં કરતા જણાતા નથી જે ખાસ કરવાની જરૂર છે.

પ્રાણીઓને કમોતે મરતા બચાવવા અને મનુષ્યોને માંસાહારના ગેરફાયદા સમજાવી અનર્થથી પાછા હઠાવવા તે રીતે દયાનું મીશન આગળ વધારનાર અને બીજી રીતે હિંસા ઘટાડવાનો પ્રયત્ન કરી દેશને પણ લાભ કરી શકવાનો પ્રયત્નકાર જે સંસ્થાઓ છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે તેમજ ખરી મદદને પાત્ર છે.

હિંદુસ્તાનમાંની દરેક પ્રાણી રક્ષક મંડળીઓ સંયુક્તબળે યોગ્ય સ્થળે એવી અરજ કરે કે "ધર્મના નામે થતો પશુવધ તમારી સત્તાના દરેક સ્થળોમાં કાયદા મારફતે અટકાવવો." તો અત્યાર સુધીના પ્રયત્નના પરિણામે આશા રાખવાને કારણ છે કે જેનું પરિણામ શુભજ નીવડે. હિંદુઓ તો શું પણ અન્ય ધર્મના ગ્રન્થો પણ પશુવધનો નિષેધ કરે છે અને પ્રાણીઓની રક્ષા કરવાની જણાવે છે એટલુંજ નહિ પણ હિંસાદિ અકાર્ય કરનારની સદ્‌ગતી નથી એમ જણાવે છે.

જાપાનની સરકાર.

આ અંકમાં પ્રગટ થયેલ મી. લાભશંકરની સહી સાથનું લખાણ જોતાં જણાશે કે સીધી આડકતરી રીતે આપણા શુભ પ્રયાસનું ફળ કેવું ઉત્તમ નીવડે છે? જણાવવું જરૂરનું છે કે મુંબઇ મધેના નામદાર જાપાનની સરકારના વડા કોનસલ (એલચી) પાસે મુંબઇની આપણી જૈન શ્વેતામ્બર કૉનફરન્સ ઑફીસ તરફના કેટલાક ગૃહસ્થો ઉપરાંત મી. વીમા દલાલ, મી. વાડીયા, મી.

પુરૂષોત્તમ ઝાલા, મી. લાભશંકર વગેરે ગૃહસ્થોએ ડેપ્યુટેશનના રૂપે મુલાકાત લીધી હતી અને જે વખતે મહેરબાન કોનસલ સાહેબે આપણી અરજના વ્યાજબીપણા માટે ઘણા પ્રશ્નો કર્યા હતા તે સઘળાનો પ્રત્યુત્તર બહુ સારી રીતે અપાયો હતો અને તેઓએ વળતા ઉત્તરમાં આ માટે દીલશોજી પ્રગટ કરી તે અરજ નામદાર જાપાનના શહેનશાહને પહોંચાડવાની ખાત્રી આપી હતી. અમો ભુલતા ન હોઇએ તો આ પ્રમાણે પ્રયાસ કરવાની સૂચના શેઠ વસનજી ખીમજીની હતી અને તેને મી. લાભશંકરના પ્રયાસે આપણી કૉનફરન્સ અને બીજા બંધુઓએ ઉપાડી લીધી હતી. સંયુક્તબળના લાભો આ રીતે કેટલા હર્ષ ઉપજાવનારા છે તે જણાવવા માટેજ આટલી નોંધ આવસ્યક જણાઇ છે. દરેક પ્રજા સંયુક્તબળથી વધી છે અને દરેક કાર્યનો વિજય પણ સંયુક્તબળથીજ છે. એ સૂત્ર દરેકે યાદ રાખવાની જરૂર છે.

दिलखुश हितशिक्षा.

વિવિધ બોધસંગ્રહ,–પ્રસ્તાવિક દ્વિહાર.)

પ્રણમી પાર્શ્વ જીણંદને, નમી પદ્માવતી માય;
દિલખુશ ઉત્તમ બોધ આ, કહેતાં મન હરખાય. ૧
આવ્યા મૂઠી વાળીને, જાવું ખાલી હાથ.
પાપ પુન્ય વિણ જગતમાં, આવે નવ કંઈ સાથ. ૨
જૂઠી માયા જગતની, જૂઠા ખેલ તમામ;
કોઇ નહિ તારૂં વળી, તું નહિ કેહનો આમ. ૩
વિષય સુખ વિષ સારિખાં, કિંપાકના સમ જાણ;
ભોગવતાં સુખ લાગતું, પણ એ દુઃખની ખાણ. ૪
સ્વારથનું સૌ છે સગું, માત, તાત ને ભ્રાત;
માયાના આ વરણથી, બગડી જાયે વાત. ૫
કૂડો દેહ આ કારમો, વિણસંતાં નહિ વાર;
જળ પરપોટાની પરે, ફૂટી જાય નિરધાર. ૬
દુર્જન કેરા સંગથી, હાણ અતિશય થાય;
લાજ ગુમાવે પલકમાં, દુઃખ સાગર ડુબાય. ૭
મીઠા બોલા માનવી, ગુણથી કડવા હોય;
મિષ્ટ પદારથ શરીરને, અવગુણ કરતા જોય. ૮
પોતાના ગુણ અવગુણો, પર જનથી દેખાય;
મુખ પોતાનું પણ જુઓ, દર્પણથી દેખાય. ૯
એક ગુરૂના શિષ્ય પણ, કરતા ઉલટાં કાજ;
કાતર કપડાં કાપતી, સીવે સોય તમામ. ૧૦
સુકૃત તેં કીધાં નહિ, પરભવ સુખને કાજ;
વૃથા જન્મ ગુમાવીઓ, કીધાં પાપ અકાજ. ૧૧

ગુરૂ વાણીને સુણુ લે, તન મન જીવ લગાય;
બહુ ગુણ પામે આત્મા, ભવ ભવનાં દુ:ખ જાય. ૧૨
સજ્જન દુર્જન નવિ હુવે, તજે ન આપ સ્વભાવ;
તાવ, ઘાવ કંચન સહે, પણ તજે ન કંચન ભાવ. ૧૩
શીલે સંકટ સવિ ટળે, શીલે ટળે કલેશ;
શીલે જશ કીર્તિ ઘણી, વાધે દેશ વિદેશ. ૧૪
શીલે અરિ પહોંચે નહિ, શીલે શીતલ આગ;
ભૂત ભયંકર શીલથી, ભય જાએ સૌ ભાગ. ૧૫
કાળ રૂપ પરનાર છે, હરે હરવાથી પ્રાણ;
સીતાને હરવા થકી, થઇ રાવણની હાણ. ૧૬
પરનારીની સંગતી, કુંચી દુર્ગતિ દ્વાર;
મૂલ અધર્મ તરૂ તણો, તેનો કરો પરિહાર. ૧૭
પરનારીની પ્રીતથી, વંશ કલંકિત થાય;
અહીં પણ લઘુતા પામીને, પરભવ નરકે જાય. ૧૮
વિષ ખાઇ મરવું ભલું, પડવું અગ્નિ મોઝાર;
પણ નીચ વ્યભિચારથી, દૂર રહો નિરધાર. ૧૯
કષ્ટ સહન કીધા પછી, અનુભવથી સુખ થાય;
ભણતાં કષ્ટ પડે ખરૂં, પણ પછી સુખ સમજાય. ૨૦
અનેક મન ઇચ્છા પૂરણ, થતાં ન લોભી ધરાય;
સરિતા અધિક મળ્યા છતાં, સમુદ્ર નહિ ભરાય. ૨૧
સુખિઆ સહુ સંસારમાં, સંતોષી સમજાય;
સુખ દુ:ખ દૈવે (જે) દીધું, તેથી તૃપ્ત જણાય. ૨૨
મધુર વચન સુણતાં સદા, વેરી વશ થઇ જાય;
ડસવા આવે નાગ પણ, મોરલીએ થોભાય. ૨૩
મોટાનાં સુખ દુ:ખ પણ, મોટાં જરૂર જણાય;
પાંડવ નળ, હરિશ્ચંદ્રને, રામ થકી સમજાય. ૨૪
ઇર્ષ્યા અગ્નિ અરિ તણો, મૃદુ વચને ઓલાય;
ધખધખતો અગ્નિ જુઓ, જળથી શાન્ત કરાય. ૨૫
અજ્ઞાનીને આશરે, ભવજલ કેમ તરાય;
બુડતા નાવે બેસીને, સમુદ્ર નવ ઉતરાય. ૨૬
જાતિ સ્વભાવ જાયે નહિ, કરતાં ક્રોડ ઉપાય;
પત્થર ભીંજવી ટાંકતાં, ઝરતો અગ્નિ જણાય. ૨૭
સજ્જનની સંગત થકી, અવગુણ અળગા થાય;
શુદ્ધ જળના સંયોગથી, મલીનતા મટી જાય. ૨૮
વિષય વિષે વ્યાકુલપણું, જો જ્ઞાનીને હોય;
તો જ્ઞાની અજ્ઞાની તણો, ફેર ન દીસે કોય. ૨૯
અનંત ગુણી આ આત્મા, ચઢયો કર્મનો મેલ;
"દિલખુશ" જ્ઞાની ગુરૂ મળે, તો જાએ તે સ્હેલ. ૩૦

दोधक छंद अ ११ भगण ३ अंते वे गुरु.

(લેખકઃ—પાનાચંદ જેચંદ મુંબાઇ)

(નિર્જળગામ નવાણુ ગળાવો-એ રાગ.

ધર્મ મહોદયને યોગ્ય થવા એકવિસ ગુણ આદરવાની શિક્ષા.

અક્ષુદ્ર[1]

જે નિજ દોષ હમેશ સુધારે, જે પરદોષ કદી ન વિચારે;
જે ગુણ ગંભિરતા પ્રગટાવે, તે શુભ ધર્મ મહોદય પાવે. ૧

રૂપનિધિ[2]

જે મિત ભોજન કાય સુધારે, અંગ ઉપાંગ ન હીન લગારે;
સુંદિર રૂપ શું અંગ દિપાવે, તે શુભ ધર્મ મહોદય પાવે. ૨

સાૈમ્ય[3]

જે શુભ શાન્ત દયાળુ સ્વભાવે, જે જીવ પાપનું કર્મ નિવારે;
શીતળતા શશિના સમ આવે, તે શુભ ધર્મ મહોદય પાવે. ૩

જનપ્રિય[4]

લોક વિષે વળી વલ્લભ થાવે, શ્રેષ્ટ અનેકજ કાર્ય કરાવે;
કોમળ વાણિ વદી હરખાવે, તે શુભ ધર્મ મહોદય પાવે. ૪

અક્રૂર[5]

ક્રૂર કઠોરપણું ઝટ વારે, શાન ક્ષમા વિનયાદિક ધારે;
તામસ ભાવ કદી નવ લાવે, તે શુભ ધર્મ મહોદય પાવે. ૫

ભીરૂ[6]

લોક અલોક [7]અપાયિન થાવે, માનવને હિતકારિ કરાવે;
આળ દઇ પરને ન દુભાવે, તે શુભ ધર્મ મહોદય પાવે.

અશઠ[8]

વંચક ધૂર્ત ન થાય કદાપી, જે નવ થાય વિશ્વાસ વિઘાતી;
જે કુટિલાઇપણું નવ લાવે, તે શુભ ધર્મ મહોદય પાવે. ૭

દાક્ષિણતાવંત[9]

કારજ જે નિજ ત્યાગ કરીને, કામ કરે પરપ્રીત ધરીને;
દાક્ષિણ્યવંતુપકારિ કહાવે, તે શુભ ધર્મ મહોદય પાવે. ૮

લજ્જાલુ.

શીલ સ્વભાવ લજ્જાળુ કહાવે, લાજ વિયુક્ત કદી
ઉત્તમતા કુળમાંહિ દિપાવે, તે શુભ ધર્મ મહોદય પાવે. ૯

૧ ગંભિર. ૨ રૂપવાન. ૩ શાન્ત. ૪ માણુસોની પ્રીતિવાળો. ૫ પ્રસન્ન ચિત્ત યુક્ત શાન્ત આત્મા. ૬ બીકણુ. ૭ અપવાદિ. ૮ છળ રહિત. ૯ સામાનું દિલ પ્રસન્ન રાખનાર.

દયાળુ.

પીડ કરે પરપાપજ ધારે, દ્વેષરને સુખ પુન્ય વિચારે;
ધર્મ દયામય સત્ય સુહાવે, તે શુભ ધર્મ મહોદય પાવે. ૧૦

મધ્યસ્થ.

જે પક્ષપાત કરે નવ ક્યારે, વસ્તુ સ્વરૂપ મધ્યસ્થ વિચારે;
સૌમ્ય દષ્ટી નરને શુભ આવે, તે શુભ ધર્મ મહોદય પાવે. ૧૧

સંપૂર્ણ.

मृगने ओलंभो.

(લેખક:—પાનાચંદ જેચંદ મુંબાઈ)

(એ વારે બીરાજે યોગી તીહાં હંસ જાણુંરે એ રાગ)

શું રે વિયોગી કીધી મૃગ વનવાસીરે,
છાનો રહ્યો નહિ ભોળા તારે મન હાંસીરે. શુંરે.
સીતાપતિ રાઘવ તુહિ અંતરાયરે,
લંકપતિનાં ક્ષણમાં શીશ કટાયરે. શુંરે. ૨
શશીને કલંકયો તું તો અમંગળકારીરે,
આજે શિધાવે મોરા નેમ ગીરનારીરે. શુંરે. ૩
તુને તો નિહાળી પ્યારા પતિ તો સિધાવેરે,
રથને ફિરાવિ વહાલા નેમ પ્રભુ જાવેરે. શુંરે. ૪
વિયોગી કરાવે મૃગલો મૃગધી મનાવેરે,
કૃપાળુ પ્રભુજી તુને અભય અપાવેરે. શુંરે. ૫
દયાળુ દયારે કીધી પશુઓ ઉગારીરે,
તુમ અનુરાગીજીને પ્રભુજી વિસારીરે. શુંરે. ૬
રાજુલ મનાવે માનો નેમ પ્રભુ પ્યારારે,
સુબુદ્ધિ સુધારે રૂડાં કારજ હમારાંરે. શુંરે. ૭

प्रवृत्ति.

લેખક, જયસીંહ પ્રેમાભાઇ, કપડવણજ.)

ગમે તે સમયે, ગમે તે પ્રસંગે, ગમે તે સ્થિતિમાં, ગમે ત્યાં જવામાં, ગમે તે વારે ઉચ્ચતા પ્રાપ્ત કરવામાં મનુષ્ય માત્રને પ્રવૃત્તિનો આધાર લીધા વિના ચાલે તેમ નથી. મનુષ્ય દરેક ક્ષણે પ્રવૃત્તિ કરી રહ્યો છે. કોઇ પણ જાતનું કાર્ય કર્યા વિના બેસી રહેલ માણસ પણ પ્રવૃત્તિ કરી રહેલ છે. અત્રે શંકા ઉપસ્થિત થશે કે જુઓ તપાસો તે મનુષ્યના હૃદયના ઉંડાણ ભાગને પૂછોતો તરતજ સમજાશે. હાથ, પગ હલાવવા એટલેજ પ્રવૃત્તિ કરી એમ કહે

થાય નહિ. મનુષ્યને પ્રવૃત્તિ વિના ચાલે તેમ છેજ નહિ. કોઇ પણ કાર્યસિદ્ધિ ભવિતવ્યતાના આધાર ઉપર નાંખી મનને કોઇ પણ જાતનું ક્રિયા વિનાનું બનાવી રાખો અને પછી પરિણામ જુઓ કે શું આવે છે. આત્માની સાથે ઉદ્યમ વળગેલ છે. મનુષ્યજ પ્રવૃત્તિ કરે છે એમ નથી પણ એક સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવથી માંડીને તે એક મોટા મોટા દેવ સુદ્ધાંત પ્રવૃત્તિ કરે છે. ખરેખર પ્રવૃત્તિ તો ત્યારેજ અટકે કે પૂર્ણત્વ પ્રાપ્તિ થાય એટલે કે સૂક્ષ્મ જીવથી માંડીને એક મનુષ્ય સુધી સર્વે તેમજ દેવને પણ હજુ તેઓનો રસ્તો પૂર્ણ થયો હતો તેથી આગળને આગળ ચાલવાનું છે. અત્ર વિચાર થાય છે કે ત્યારે આપણે નિવૃત્તિના વિચારનો ઉપદેશ કેમ દેવામાં આવ્યો છે. ભાઇ એજ વિચાર અજ્ઞાનતાને સુચવે છે. નિવૃત્તિની ખરી વ્યાખ્ય હજુ સમજ્યા નથી. અત્રે જે નિવૃત્તિ વિષે ઉપદેશ છે તે વિશ્રાંતી લેવાને માટે છે. ધારો કે એક મનુષ્ય પથ્થર તોડવાનું કાર્ય કરતો હોય છે. હવે તેને થાકતો લાગે છેજ, તે વખતે તેને વિશ્રાંતી લેવાનું કહેવામાં આવે છે અને તે વિશ્રાંતી લે છે તોજ તેને આગળ કાર્ય કરવામાં અધીક ઉત્સાહ તેમજ બળ મળે છે. તેવીજ રીતે આ બાબતમાં છે. આપણે ઘણીજ પ્રવૃત્તિ કરીને હજુ ઘણુંજ આગળ ચાલવાનું છે. હવે જો વિશ્રાંતી લેવામાં ન આવે તો આપણું આગળ ચાલવાનું બળ અટકી જાય છે. એક છોકરાને એક લેસન પુરૂ કરવાનું છે. હવે જો તે પુરૂ કરતો નથી ત્યાં સુધી તેને જંપ વળતો નથી. પણ જો તે લેસનમાં સ્થળે સ્થળે જોઈતી વિશ્રાંતી લેતો નથી તો તે કદી પણ લેસન પુરૂ કરી શકતો નથી. અર્થાત્ તેને તે આવડતુંજ નથી એટલું નહિ પરંતુ તેમ કરતાં નિષ્ક્રીય થઈ જાય છે. અગર જો બીજા વિષય હાથ ધરી લે અથવા તેનાથી કાંતો થાય તો પણ તેનું કાર્ય સિદ્ધ થતું નથી એ લક્ષમાં રાખવું. તેમજ આપણે પણ સમજવાનું છે અને આમ હોઇ પ્રવૃત્તિના માર્ગમાં આપણને નિવૃત્તિની જરૂર છે પણ નિવૃત્તિના વિચારે આજે જગતને એવો ખોટો ભાસ બેસાડી દીધો છે કે તેથી અત્યંત હાની થતી નજરે પડે છે. સંસારમાંથી વિરક્ત થવું તે પણ કાંઇક આગળ વધવા માટેજ છે. એટલે તેમાં પણ પ્રવૃત્તિ લાગુજ છે. જ્યારે આવી રીતે વિરકતદશામાં પ્રવૃત્તિ છે તો વ્યવહાર યોગ્ય ગૃહસ્થ દશામાં પ્રવૃત્તિ કેમ ના હોય? આ ઉપરથી સમજાય છે કે પ્રવૃતિ એજ ઉન્નતિનો માર્ગ છે અને વિશ્રાંતી અર્થે તેની સાથે નિવૃતિ જોડાયલી છે. એટલે કે નિવૃતિ પ્રવૃત્તિથી જુદી કોઇ ચીજજ નથી પણ પ્રવૃત્તિની અંદરજ તેનો સમાવેશ કરવો યોગ્ય થઇ પડશે. મજુર તેની રોજીને માટે મજુરી કરે છે તોજ પૈસા પ્રાપ્ત કરી શકે છે. હવે જો તેને એમ કહેવામાં આવે કે તું આ વૈતરું કરવું છોડી દે તો પછી રોજ પેદા ક્યાંથી કરી શકે. ત્યારે હવે તેને બીજાના આધાર ઉપર રહેવાની જરૂર પડે. એજ અમારી દશા, આવાજ વિચારને લઇ ભિક્ષુક વૃત્તિને પોષણ આપ્યું છે પણ ભાઇઓ તમે તે વિચારને ત્યાગ કરો. તપાસો કે આપણે કાંઇ કાર્ય કરીએ છીએ તેમાં લાભ પ્રથમ જોઇએ છીએ. દાન આપવું તે યોગ્ય છે. પણ જુઓ કે મુનિ મહારાજાઓ આપણને બોધ આપે છે તેમજ જગતનું હિત સાધવા પ્રવૃત્તિ કરી રહ્યા છે તેને આપણે દાન આપીએ છીએ તે ઉત્તમોત્તમ દાન લેખાય છે. એવીજ રીતે તમે દાન આપો, દાન આપવાના નથી પણ પેલી વૃત્તિથી તો શું પરિણામ આવે છે તેનો વિચાર કરો. તેઓ ખાઈ પીને બેસી રહે છે તેથી તે જગતનું હિત સાધવાના માર્ગનો તો કાંઈજ વિચાર કરતા નથી પણ જગતને ઉલટું અનીતિમાન ભિક્ષક વૃત્તિવાળું અને એવુંજ ખરાબ પરિણામ ઉપ-

જાવી કાઢે છે. તેની પાસે કાંઈ પણ કામ કરાવો, અને તેને દાન આપો. ઉપકાર વૃત્તિ રાખો પણ તે એવી હોવી જોઇએ કે જેથી અહિતકર માર્ગનું પોષણ ન થાય પણ તેના હિતનીજ વૃદ્ધિ થાય. દરિદ્રને પોષવો તે જરૂરનું છે પણ તેની દરિદ્રતા વધે તેવી રીતે પોષવાથી તેને ગેરલાભ છે તેથી તે યથેચ્છ ઉપકાર વૃત્તિ નથી. વળી કોઇ પણ મનુષ્યને એવા વિચારોથી ન પોષો કે જેથી અહિતકર માર્ગની વૃદ્ધિ થાય. એક લક્ષાધિપતિ છે. હવે તે નિયમસર પોતાનું કાર્ય કરતો હોય છે અને ધનપ્રાપ્તિ અર્થે વધુ ને વધુ પ્રવૃત્તિ કરતો હોય છે અર્થાત્ વર્ક, (મહેનત) કરતો હોય છે. એમ મનુષ્ય મળે અને કહે કે તમો આવું કાર્ય કરો તે તમને ઠીક કહેવાય ? તમો શેઠીઆને શોભે નહિ. આવા વિચાર દર્શાવી તેનું શું હિત કરે છે? બિલકુલ નહિ. માનો કે તેના વિચારને લઇ તે મનુષ્ય મહેનત કરતો અટકી જાય તો પછી યથેચ્છ લાભ બીજાના આધારને લઇને થવાનો તો નહિજ અને એવી રીતે તો ઉલટી તેની શેઠાઇ નષ્ટ થવાની. એવાજ બીજા અનેક દાખલા મળી આવશે. પ્રવૃત્તિ કરવી એજ મનુષ્યનું ખરેખર કર્તવ્ય છે. ધન પ્રાપ્તિ અર્થે તેને યોગ્ય પ્રવૃત્તિ કરવી તેવીજ રીતે અમૂલ્ય ધન પ્રાપ્તિ કરવાને માટે તેને યોગ્યની પણ પ્રવૃત્તિ કરવી હિતકર છે. શુભ પ્રવૃત્તિ આદરણીય છે અને અશુભ પ્રવૃત્તિ ત્યજવા યોગ્ય છે. ચોરી કરીને ધનાઢ્ય થવાની પ્રવૃત્તિ યોગ્ય નથી પણ વેપાર કરીને ધનાઢ્ય થવું તેમાં કાંઇ ખોટું નથી. હવે જેઓ ભિક્ષુક વૃત્તિને પોષે છે તેઓ આખરે કેવા નિવડે છે તે ઉપર વિચાર કરો. એક ભિક્ષુકને આજ જોઇતી ભીક્ષા ન મળી આવી તો ધીમે ધીમે તેનો ચોરી કરવાનો, ખૂન કરવાનો અને પોતાને જોઇતી ચીજ પ્રાપ્ત કરવાનો વિચાર થઇ આવશે. કહો આથી દુનિઆમાં કેટલો બખેડો વધશે? જ્યારે દુનિયામાંથી આવી વૃત્તિ નષ્ટ થશે ત્યારેજ ઉન્નતિ થશે. આજ વૃત્તિને ખરેખર દુનિયાને નીચ કોટીમાં રાખી છે. નિવૃત્તિને કેવી વૃત્તિનું સ્વરૂપ આપવાથી આ બન્યું છે તે સમજાયુંજ હશે. માટે આવી વૃત્તિને ન પોષતાં તેમને યોગ્ય પ્રવૃત્તિને આદરો અને તમારી ઉન્નતિને સાધો. પારકાના ઉપર ઉપકારવૃત્તિ એ પ્રશસ્ય છે પરંતુ તેમ કરવામાં યથેચ્છ વિવેક હોવો જોઇએ. તમારી પ્રવૃત્તિ એવી રાખો કે જેથી તમને તેમજ અન્યને પણ કાર્યમાં ઉત્સાહ મળે. ઉત્સાહજ કાર્યને ખરૂ સિદ્ધ કરવાનું તત્ત્વ છે. આવા વિચારને લઇને ઉત્સાહપૂર્વક—વિવેકપૂર્વક પ્રવૃત્તિને આદરો. તે ઉપર મુનિ મહારાજશ્રી બુદ્ધિસાગરજી સૂરિજીએ રચીત આ નીચેનું પદ વાંચો અને તેનું મનન કરો.

આલે કર્યા વિણ જનહિતે સ્વાધિકારે કૃત્ય છે,
તે કાર્યની પ્રવૃત્તિમાં વહેવું સદા સત્ય છે;
નિજ કાર્યની પ્રવૃત્તિમાં રાચી રહી આગળ ચલો,
નિવૃત્તિમાં પ્રવૃત્તિ છે કર મેલ મનનો આમળો. ૧

નિષ્ક્રીય બનવા ચાહતો પ્રવૃત્તિના પંથે પડો,
પ્રવૃત્તિને ત્યાગ થકી અધિકાર વણ અંતે રહો;
મારી ઘણાં ફાંફાં પછી અધિકાર વણ પાછા ફરો,
માટે પ્રવૃત્તિ આદરી નિવૃત્તિની આશા ધરે ૨

કાંટા થકી કાંટો હશે પ્રવૃત્તિનું જીવન ધરી,
નિવૃત્તિ લક્ષ્યજ બિંદુએ અંતર ધરી પગલાં ભરી;
આગળ વહો મુજ બાંધવો આગળ વહો આગળ વહો,
પ્રવૃત્તિના ઓ પંથિઓ કાર્યો કરી સુખડાં લહો. ૩

નવરા જરા બેસો નહિ કરતા રહો કાર્યો સદા,
નીજ કાર્યના યોગી બની જીવન વહો સઘળું ખુદા;
નિવૃત્તિના પંથે પ્રવૃત્તિ આદરો ઝટ આદરો;
આળસ્ય નિંદા ત્યાગીને શુભ કાર્યની કીંમત કરો. ૪
ખોલો હૃદયનાં બારણુ તે ભૂમીની શુદ્ધિ કરો,
વાવો મઝાનાં બીજ તેમાં ઉગશે નિશ્ચય ધરો;
નિષ્કામ કરણી કીજીએ મન રીજીએ નહિ ખીજીએ,
બુધ્ધ્યબ્ધિ શુભ પ્રવૃત્તિમાં નિવૃત્તિ લક્ષ્યજ લીજીએ. ૫

તેઓ કહે છે કે જે કર્યા વિના ચાલે તેમ નથી અને તે કરવાને તમે અધિકારી છો અથવા તો જે તમારા અધિકારમાં છે તેવું કૃત્ય કરવું એજ સદા સત્ય છે. તમો પ્રવૃત્તિમાં રાચી રહી સદા આગળ વધો. નિવૃત્તિમાં પ્રવૃત્તિ છે એ વાત નિશ્ચય સ્વીકારો. અને તે વિષે મનમાં કોઈ પણ જાતની શંકાને સ્થાન ન આપો.

જો તમો કોઇ પણ જાતનું કામ કરવા ઇચ્છતા ન હો અર્થાત્ અક્રીય બનવા ઇચ્છતા હોતો પ્રવૃત્તિ કરો. બાકી પ્રવૃત્તિને તજી દીધાથી તે તમારા અધિકારની વાત નથી એમ હોઇ જીતમાં નિશ્ચય પાછા પડશો અર્થાત્ તમો અક્રીય બનવા ઇચ્છો છો પણ જો હમણાંજ અક્રીય બનશો તો તમે જે સ્થિતિના ઇચ્છિક છો તે વસ્તુ પ્રાપ્ત કરી શકો તેમ નથી.

હાલ તો તમારે પ્રવૃત્તિજ કરવાની છે. વખત થએ તેઓ નિષ્ક્રીય થઇ શકશે પણ પ્રવૃત્તિને સેવીનેજ, માટે પ્રવૃત્તિને આદરીનેજ નિવૃત્તિની આશા કરો.

જેમ એક કાંટો વાગ્યો હોય તો તે બીજા કાંટા વતી કાઢી શકાય છે અને તે બન્ને કાંટા નકામા ગણી ફેંકી દેવામાં આવે તેમજ અશુભ પ્રવૃત્તિને શુભ પ્રવૃત્તિથી હરી અને પછી શુભ પ્રવૃત્તિને નકામી ગણી ફેંકી દેશો તો તે કાર્ય થઇ શકે તેમ માટે તે પ્રમાણે હાલ તો પ્રવૃત્તિનુંજ જીવન ધરો. નિવૃત્તિ મેળવવાનું લક્ષ્યબિન્દુ હૃદયમાં પ્રવૃત્તિને સ્થાપો તે પ્રમાણેજ પગલાં ભરો. હે ભાઇઓ એ રીતે આગળને આગળ વધો અને ઓ પન્થીઓ, મનુષ્ય એ જગતમાં પન્થીરૂપ છે. પ્રવૃતિનાં કાર્યો કરી સુખડાં અર્થાત્ સુખને મેળવો.

કોઇ પણ વખત નવરા બેસી રહો પણ સદા કાર્યજ કરત રહો. પોતાના કાર્ય કરવામાં રાગી બનો અને એજ પ્રમાણે તમારા જીવનને વહેવા દો. નિવૃત્તિ મેળવવાને અર્થે પ્રવૃત્તિનેજ આદરો. આ ક્ષણેજ તેને આદરો. આળસ્ય અને નિંદાનો ત્યાગ કરીને શુભ કાર્યની કીંમત કરો.

હૃદયનાં બારણાંને ખોલો અને હૃદય ભૂમિને સ્વચ્છ બનાવો અર્થાત્ વિચાર નિર્મળ કરો. જેવાં બીજ વાવશો તેવાંજ ફળ મળશે માટે મઝાનાં બીજ વાવી અર્થાત્ વિચારરૂપ બીજ ઉપજાવી નિર્દોષજ વાવી તેનાં તેવાં ઉત્તમ ફળને મેળવો. કોઇ પણ જાતની અર્થ વિનાની કરણી કરો અને મનમાં સદા પ્રસન્ન રહો. તમે કદાપી પણ ખીજાઓ નહિ અર્થાત કોઇ ઉપર દ્વેષ ધરો નહિ. બુદ્ધિના નીધાન એવા બુદ્ધિસાગરજી સૂરિજી કહે છે કે શુભ પ્રવૃત્તિ કરવામાં અંતે નિવૃત્તિજ મળશે એ ધ્યાનમાં રાખી અને પ્રવૃત્તિને આદરો.

પ્રીય વાંચક ! ઉપરનો બોધ લક્ષમાં લો. તેનું મનન કરો અને પ્રવૃત્તિનેજ આદરો અત્ર મહારાજશ્રી નિવૃત્તિનો અર્થ નિષ્ક્રીય થવું એવો સ્વીકારે છે. મેં જે શબ્દ પ્રથમ નિવૃત્તિ વાપર્યો છે તે નિષ્ક્રીય થવું તેમ નહિ પણ વિશ્રાંતી લેવો એવો દર્શાવેલછે. આ ખુલાસે લખવાનું કારણ એ કે વાંચક તેથી જુદા ભાવને ગ્રહણ કરી લે નહિ.

दिलखुश उपदेशिक पद.

(૨)

(લેખકઃ—ડી. જી. શાહ, માણેકપુર નિવાસી.)

—રાગ—કાફી—ધીરાના પદનો—

ચેતન વિચારોરે, જગમાંથી જાવું સહી;
અજ્ઞાને અથડાયોરે, મુઝાઓ શું મોહી રહી. ચેતન. ૧
અથિર સંસારે કપટ કરીને, મેળવે ધન અપાર;
મર્ણ પછીએ તારી પાછળ, આવે નહિ તલભાર;
આવ્યા તેવા જાશોરે, સાથે પુન્ય પાપ લઇ. ચેતન. ૨
કેનાં ભગિની, પુત્ર, નારીને, સ્વજન સંબંધી સર્વ;
અંતકાળે એ થાયે અળગાં, ત્યારે ઉતરશે ગર્વ;
ત્યારે તું પસ્તાઇશરે, સમજ તુજ હૃદય મહી. ચેતન. ૩
કષ્ટો વેઠીને સંગ્રહ કીધો, જાશે તે પર હાથ;
ધર્મ નીતિમાં કાંઇ નવ ખરચ્યું, થયો અજ્ઞાની નાથ;
અવસર આવો ભૂલ્યોરે, મુર્ખતાએ મોહી રહી. ચેતન. ૪
જગત માંહે શૂરવિર ગણાતા, કુટુંબ સાથે અપાર;
તેવા બહાદુરો ચાલ્યા ગયા તે, જોતાં નહિ જડનાર;
માટે વહેલા ચેતોરે, તો સુખ પામો કંઇ. ચેતન. ૫
મિથ્યા મોહ માયાને સારૂં, બેઠો ન કરીને ઠામ;
પણ કાષ્ટ સાથે સ્મશાને, કરશે કાળ ગુલામ;
તે વખતે ત્યાં તારીરે, બુદ્ધિ કામ આવે નહિ. ચેતન. ૬
માટે ચેતન જલદી ચેતી લે, પામે પરભવ સુખ;
બુધ્ધ્યાબ્ધિ કૃપાએ કહે છે, ગિરધર સુત **"દિલખુશ"**;
ભણીઆ સદ્‌ગુણ રૂડારે, વળી જૈન ધર્મ સહીઃ ચેતન. ૭

विस्मरणनी जरुरीआत.

(લેખક—રતીલાલ—અમદાવાદ.)

હે આર્ય ! તું વિચાર કરીશ તો તને માલમ પડશે કે આ મનુષ્યભવ હજારો ભવ ભટક્યા પછી આવ્યો છે. ભવાબ્ધિ તરાવી મોક્ષરૂપી અચળ સ્થાનપર પહોંચાડવા મનુષ્ય દેહ તને મળ્યો છે, જે સુખ ઇંદ્રોને નથી તે સુખનો તું ભોગી થયો છું. ત્યારે તારે આવી સોનેરી તક ગુમાવવી એ શું કોઇ જ્ઞાની પુરૂષ કબુલ રાખશે ? ના. ત્યારે સતેજ થા, આળસ તજી આગળ વધ અને તારા વ્યવહારૂ કાર્યોમાં થતી ભૂલોને સુધાર, અને સત્ય માર્ગને ઓળખી સીધે સરીઆમ રસ્તે ચાલ અને અચળ ધામે પહોંચ. તું જાણે છે કે જે મનુષ્યો

સંસારની લ્હેરીનો લ્હાવો લેવા ભાગ્યવંત બન્યા છે, તેઓ દરેકને પોતાના વ્યવહાર ઉપયોગમાં તેમજ જ્ઞાનની રેલંછેલમાં, એટલે કે સર્વ કાર્યમાં સ્મરણશક્તિની જરૂરીયાત જણાય છે. સ્મરણશક્તિના પ્રતાપથી આપણે સર્વ વસ્તુને સ્મરણમાં વા ધ્યાનમાં રાખી શકીએ છીએ. સાધારણ રીતે જે લોકો નજીવી વસ્તુને પણ ભૂલી જાય છે તો તે ગમાર વા મૂઢમાં ખપે છે અને તેવા થવાનો કંઇ લેખકનો હેતુ નથી પણ સ્મરણશક્તિની વૃદ્ધિ વિસ્મરણશક્તિના પ્રતાપે કેટલેક અંશે રહેલી છે. અને તેનાથી મળતા ગુણ રત્નો કે જેની શોધ સારૂ કાંઈ ખાણો ખોદવાની નથી પણ અંતરમાં મલીનતાને લીધે પ્રકાશ નથી પામતા તેને દસ્યમાન શી રીતે કરવો અને શાથી થાય છે તે બતાવવાનો છે.

હે આર્ય ! જે વસ્તુઓ આપણા હૃદયને ઉદ્વેગમાં રાખે છે. ચિંતારૂપી ચીતામાં હોમે છે. જીવનદોરી તોડવા કારણ બને છે, તેવી બાબતોને વિસ્મરણ કરવી—ભૂલી જવી, મગજમાંથી દુર કરવી લાભદાયક છે. તે આપણને કોઇ પણ દિવસ સુખ આપનાર નથી. જેને આપણે દુઃખો, પરિતાપો, સંકટો કહીએ છીએ તે એજ છે. તેવા ક્રુર રાક્ષસોના પંજામાંથી છુટવું તેમાંજ આપણા ભવિષ્યના સુખનો આધાર છે. ચિંતારૂપી ચીતા જે આપણા રૂધીરનું સદા પાન કરનાર છે તેમાંથી બચીએ છીએ અને આપણી મનુષ્યદેહરૂપી નૌકા સંસારરૂપી સમુદ્રોમાંથી દુઃખરૂપી ખડકો સાથે અફળાયા વગર મોક્ષરૂપી ધામને પહોંચવાને શક્તિમાન થાય છે. તે ક્યારે બને કે જ્યારે પડેલા વિઘ્નો તરફ દુર્લક્ષ રહી આગળ વધીએ તોજ. ત્યારે આ ઉપરથી અમારા વાંચક સમજી શક્યા હશે કે જેટલે દરજ્જે સ્મરણશક્તિની આવશ્યકતા રહેલી છે, તેટલેજ દરજ્જે વિસ્મરણની પણ આવશ્યકતા રહેલી છે. વળી વિસ્મરણથી આપણું શરીર તંદુરસ્ત રહે છે. મન ચંચળ અને સ્ફુર્તિમાં રહે છે. કેટલીક વખતે આપણા સગાવહાલા આપણા મિત્રો કે સંબંધીઓ કાંઈક કારણસર કટુ વચન બોલે છે વા ક્રોધમાં આવી જઇ ન બોલવાનું બોલી જાય છે તો સાધારણ રીતે આપણા મનમાં તેનું કોઇ પણ રીતે વેર લેવાનુ મન થાય છે અને રાત્રિ દિવસ તેના પ્રપંચો રચવામાં—મગજ મલીન વિચારો કરવામાં ગુંચાય છે અને વખત આવે, લાગ ફાવે તેનું કાશળ કાઢવા પ્રેરે છે. પણ આ આપણું અજ્ઞાન છે. આપણે સામાનું ખરાબ કરવા જતાં આપણે પોતાનું ખરાબ કરીએ છીએ અને વહેતા સુખના નિર્મળ ઝરાને આપણેજ બંધ કરીએ છીએ.

જેવી રીતે કોઇ ખેડૂત બીજ જમીનમાં વાવે તો તેને સારૂં યા નરસું ફળ મળ્યા વગર રહેતું નથી. તેવીજ રીતે આપણે જે વીચારો કરીએ છીએ તેના પ્રમાણમાંજ આપણને સારાં વા નરસાં ફળો મળે છે અને તેજ પ્રમાણે ભવિષ્યમાં સુખ પ્રાપ્ત કરીએ છીએ, અને તેજ પ્રમાણે દુનિયામાં પ્રકાશ પામીએ છીએઃ વળી હે આર્ય ! તું યાદ રાખજે કે સામા માણસે ગમે તેટલું ખરાબ કર્યું હોય તોપણ કોઇ પણ દિવસ વેર લેવાના વિચારો કરવા નહિ. જો વિચારો નહિ થાય તો પછી આચાર થવા કોઇ પણ દિવસ સંભવતું નથી. માટે જો સામાનું વેરજ લેવું હોય તો તેનાં કરેલાં કૃત્યો તરફ દુર્લક્ષ રહી, તેના તરફ સારા વિચારો ફેંક, તેમજ તેને જે ભૂલ કરી છે તેનું તેને ભાન થાય તેવા સજ્જડ વિચારો નાખ. આ રીતે સામો માણસ પોતાની ભૂલને લીધે પસ્તાશે અને તે ફરીથી ન થાય તે માટે સાવચેતી રાખતાં શીખશે. વેર લેવાનો આ સર્વથી સારો અને બન્ને પક્ષને લાભદાયક માર્ગ છે. જો આ પ્રમાણે નહિ થાય તો એક એક મલિન વિચારોથી ત્યાં તુમુલ યુદ્ધ જામશે અને બન્ને ખુવાર થશે. માટે હે આર્ય ! તું સમજી શક્યો હઈશ

કે જે વિચારો આપણે કરીએ છીએ તેજ પ્રમાણે આપણે આપણું ચારિત્ર ઘડીએ છીએ. કોઇ પણ વ્યક્તિએ કહેલાં કટૂ વચન વા દુષ્ટ વર્તણુકથી જો કે આપણા મનમાં ઉદ્વેગ આવે છે અને આપણું માનસિક બળ ઘટે છે, પણ જો આપણામાં વિસ્મરણ કરવાની શક્તિ ખીલેલી હોય છે તો તે ઉદ્વેગને દુર કરી શકીએ છીએ. તે સાથે શારીરિક અને માનસિક બળનો ક્ષય થતો અટકાવીએ છીએ.

પ્રિય વાંચક! જ્યારે જ્યારે તમને આવા પ્રસંગો મળે ત્યારે ત્યારે તમને માલમ પડયા વગર રહેશે નહિ કે આવી ગેરવર્તણુકથી આપણા મનમાં સામા ધણી ઉપર ક્રોધ થયા વગર રહેતો નથી. જ્યારે સામા માણસ ઉપર ક્રોધ થાય ત્યારે તેના થયેલા ઉપકારો અને ગુણોનું સ્મરણ કરવું કારણ કે દુનિયામાં એકે એવી વસ્તુ નથી કે જેમાંથી આપણને ગ્રહણ કરવાનું ન હોય, પણ જે મનુષ્ય "વિસ્મરણ" ના પાઠને પૂરે પૂરો ભણેલો હોય છે તે ક્રોધ રૂપી પ્રચંડ સર્પના પંજામાંથી છૂટે છે અને ક્ષમારૂપી અમૂલ્ય ગુણ રત્નને પ્રાપ્ત કરે છે. આથી આધ્યાત્મિક જીવન જે આપણને અંધકારમાંથી પ્રકાશમાં લાવે છે, ક્ષણિક સુખની લાલચોમાંથી ચીરસ્થાયી સુખના ધામે પહોંચવાની જીજ્ઞાસા ઉત્પન્ન કરે છે, હૃદયમાં રહેલા જાગૃતી ચંદ્રને સતેજ કરે છે, પ્રભુનો માર્ગ બતાવે છે, ટુંકમાં કહીએ તો સર્વોત્તમ સુખ અપાવે છે તે જીવન ગાળવા સમર્થ થઇએ છીએ. આવી રીતે ધીરે ધીરે એક પછી એક સર્વોત્તમ ગુણની વૃદ્ધિ થવા માંડે છે.

જ્યારે આપણે શીર દુઃખનાં વાદળો તૂટી પડે છે ત્યારે આપણા ભૂતકાળનો સર્વ ચીતાર ખડો થાય છે. પણ જેવી રીતે આગમાં ઘી હોમ્યું હોય છે અને પુષ્કળ ભડાકા તથા જ્વાળા પ્રગટ કરે છે તેવી રીતે આવી પડેલા દુઃખમાં ઘટાડો કરવાને બદલે વધારો થાય છે. આવી વખતે પણ વિસ્મરણના પાઠને એકવાર ફરીથી અમલમાં લાવીને દુઃખોનો નાશ કરવો.

હે આર્ય! વિસ્મરણથી તમે નિરંતર પ્રસન્ન રહેવાના સુસ્વભાવને કેળવો છો. શાંત સાત્વિક સ્વભાવને પોષો છો અને એકાગ્રતાના સાત્વિક બળને મેળવો છો. જે એકાગ્રતા સર્વ વસ્તુ પર અધિકારીપણું મેળવવાની વા સર્વ સામર્થ્યની કુંચી છે. વળી આપણે ઉપર કહી ગયા કે આપણામાં વિસ્મરણ શક્તિ સારી ખીલેલી હોય છે તો આપણે સારી રીતે કંઇ પણ યાદ રાખી શકીએ છીએ, પણ તેજ સાથે આપણામાં વિસ્મરણ શક્તિ ખીલેલી હોય છે તો યાદ ન રાખવાની વસ્તુઓને મગજમાંથી સહેલાઇથી દૂર કરીએ છીએ. અને આ રીતે સ્મરણ શક્તિનો કેટલોક નકામો બોજો દૂર કરીએ છીએ. આથી સ્મરણ શક્તિ વધારે ખીલે છે. સ્ફૂર્તિમાં રહે છે અને વીર્યવાન બને છે.

હે આર્ય! વળી તારે યાદ રાખવું કે જ્યારે જ્યારે એવા પ્રસંગ ઉદયમાં આવે ત્યારે તે સ્થાન છોડી કોઇ આનંદી મિત્ર પાસે જવું. વા સુંદર પુષ્પોથી ખીલેલા સુવાસીત સ્થાને જવું અથવા તો આપણી તે વખતની ચાલતી શ્રેણીને દૂર કરવા કોઇ સારૂં પુસ્તક વાંચવું કે જેનાથી આપણને આનંદ થાય અને બીજું બધું ભૂલી જવાય. આ ત્રણ કારણો વિસ્મરણ શક્તિ ખીલવવા સહાયભૂત થશે. જો આપણે વિસ્મરણ શક્તિ પામ્યા હઇશું તો સદ્‌ગુણો આપણામાં આવશે. અને તેથીજ આપણે યોગના માર્ગમાં સિદ્ધતા પ્રાપ્ત કરવા શક્તિમાન થઇશું.

જીવને ઉપદેશ.

(અનુવાદક—પૂર્ણચંદ્ર શર્મા.)

(જીવડા જો જાગી જો જાગી એ રાહ.)

રામ નામ ધન રળ તું નિત નિત રામ નામ ધન રળ તું.
એ ધન અચળ સહુ સુખદાતા, દુષ્ટ કર્મમદ દળ તું;
અનર્થહારી અભયકારી એ, ફૂલવાડી સમ ફળ તું. નિત. ૧
માયિક માયાની મૂર્છામાં, તલભર નહીં ટળવળ તું;
દુર્ગતિદાયક લેશ ન લાયક, ચકિત થઈ નવ ચળ તું. નિત. ૨
પ્રાણસંકટો વેઠયે પણ તે, મરજીસર નથી મળતું;
મળે કદી તો તેના મદમાં, રહે મન રોજ રળતું. નિત. ૩
બુદ્ધિ બગાડે ભૂતિ ભમાડે, વૈર જગાડે વધતું;
ભવ ભ્રમણાનું લપ વળગાડે, તેથી આગે ટળ તું. નિત. ૪
ચિદાનંદઘન પ્રભુ ચેતન ધન, હાથ થવા હિત હળ તું;
એજ પ્રાપ્તિમાં પૂર્ણચંદ્ર ધર, અહનિશ ટેક અટલ તું. નિત. ૫

ધૂર્ત ગુરુઓનો ગોટાળો.

(અનુવાદક—પૂર્ણચંદ્ર શર્મા.)

(માન માયાના કરનારારે એ રાહ.)

ધૂર્ત ગુરૂઓએ ધંધ મચાવીરે, આવી અવદશા આ દેશને અપાવી;
ધર્મ બ્હાને ધતિંગ ચલાવીરે, આવી.—
ભરમાવી ભોળા જનોને ભમાવી, દાદ સહિત વાતો ઠસાવી;
સ્વાર્થ પોતાનો સાધે સદાએ, ફંદાની મધ્યે ફસાવીરે. આવી. ૧
શાસ્ત્ર સાથે શત્રુતા ધરાવી, અશાસ્ત્રની લીલામાં લગની લગાવી;
દુનિયાંનો દાટ વળાવ્યો દુષ્ટોએ, ઇર્ષ્યાગ્નિને સળગાવીરે. આવી. ૨
સ્વદેશભક્તિ ભુલાવી સ્વભક્તિનો, પૂરણ પાઠ પઢાવી;
શૂરવીરતાનો વંશ કહાડયો સમૂળગો, બોધવડે બાયલા બનાવીરે. આવી. ૩
કામ ક્રોધ કૂડ લોભ કપટના જે કેદી, તે શુભવાબ્ધિ દે તરાવી ?
પોતે બૂડે ને પરને બૂડાડે, દુષ્ટ માર્ગ માંહે દોરાવીરે. આવી. ૪
દેશ અને દેહનું કલ્યાણ કરવાની, ઇચ્છા ન ઉરમાંહે આવી;
પૂર્ણચંદ્ર કહે એવા પેટભરાઓએ, જનનીની કૂખ લજાવીરે. આવી. ૫

सोनेरी शिखामणो.

(સંગ્રાહક સદગત–દિલખુશ જી. શાહ–માણેકપુર.)

(સંધાન ગત અંક પૃષ્ટ ૩૫૧.)

(૩૪) ત્રણે લોકમાં ધર્મજ વિજય આપનારો છે. માટે અર્થ અને કામ પણ ધર્મ વડેજ કરવાં જોઇએ.

(૩૫) સત્યતા સમાન બીજો ધર્મ નથી.

(૩૬) દરીદ્રી લોકોનું પાલન કરો પણ ધનવંતને ધન આપતા નહિ.

(૩૭) મનુષ્ય પોતાનાં સારાં ખોટાં આચરણદ્વારાજ ઉચ્ચતાને અથવા નીચતાને પ્રાપ્ત થાય છે.

(૩૮) શરીર અને ગુણો વચ્ચે ઘણુંજ છેટું અને જુદાપણું છે.

(૩૯) સુખનું મૂળ સંતોષ અને દુઃખનું મૂળ અસંતોષ છે.

(૪૦) શરીર સુખ અને દુઃખ એ બન્નેને રહેવાનું સ્થાનક છે.

(૪૧) તૃષ્ણાથી દુઃખનો છેડો નથી અને અસંતોષથી સુખનો છેડો નથી.

(૪૨) ઇન્દ્રિયોનો નિગ્રહ એજ મહત્પદને પ્રાપ્ત કરાવે છે.

(૪૩) ઇન્દ્રિયોનો નિરોધ, રાગદ્વેષનો ક્ષય અને જીવ માત્રની હિંસા ન કરવી એ અમુખ્ય ગુણો વડે મનુષ્યો મોક્ષને પામે છે.

(૪૪) શુભધર્માચરણ કરનાર મનુષ્યનોજ જન્મ સફળ છે.

(૪૫) જ્ઞાની પુરૂષ કોઇ માણસને હાથ પકડીને પરાણે ધર્મ કરાવી શકે નહિ પરંતુ તેઓના ઉપદેશથીજ લોકો પોતાની મેળે ધર્મમાં પ્રવર્તે છે.

(૪૬) ધર્મમાં પ્રીતિવાળો મનુષ્ય સદ્‌ગતિને પામે છે.

(૪૭) વિદ્યાના સમાન ચક્ષુ નથી અને વિષયાસક્તિ જેવું દુઃખ નથી.

(૪૮) ક્ષમા એજ શ્રેષ્ઠ બળ અને સત્ય એ શ્રેષ્ટ વ્રત છે.

(૪૯) બુદ્ધિમાન પુરૂષો દુઃખ અને સુખ તથા માન અને અપમાનમાં સમભાવ રાખે છે.

(૫૦) પરમ કલ્યાણને આપનાર માત્ર ધર્મજ, પરમ શાન્તિને આપનાર માત્ર ક્ષમાજ, પૂર્ણ તૃપ્તિને આપનાર માત્ર વિદ્યાજ, અને સુખને આપનાર માત્ર અહિંસાજ છે.

सत्समागम.

(સં. સદગત ડી. જી. શાહ–માણેકપુર.)

(વિવિધ વિદ્વાનોનાં સુવાક્ય.)

—હલકા આદમીના સંગથી બુદ્ધિ અધોગતિને પામે છે, સરખે સરખાની સંગતથી બુદ્ધિ સરખી રહે છે, અને મહાપુરૂષના સમાગમથી બુદ્ધિ ઉતમ થાય છે. **(પંચ તંત્ર)**

—મૂર્ખ પુરૂષોનો સમાગમ મોહ જાળનેજ ઉત્પન્ન કરે છે, અને સાધુ પુરૂષોનો સમાગમ દિનપ્રતિદિન ધર્મનેજ ઉપજાવનાર છે. **(નીતિ શાસ્ત્ર)**

—ધર્મ અને સુખ સંપાદન કરવા માટે સત્પુરૂષોનો સમાગમ કરવો જોઇએ કારણ કે સત્પુરૂષોનો સમાગમ કરવાથી પોતાની શોભામાં વધારો થયો છે. **(શુક્ર નીતિ.)**

—આ સંસારરૂપી કડવા વૃક્ષમાં બે ફળ અમૃત જેવાં છે. એક તો રસયુકત મધુર વચન, અને બીજું સત્પુરૂષોની સંગતિ **(ચાણાક્ય નીતિ.)**

—હે મનુષ્ય ! દુર્જનનો સંગ છોડી દે, અને મહાત્મા પુરૂષોનો સમાગમ કર. (**ભર્તૃહરિ.**)

—સત્પુરૂષોનો જેટલો વિશ્વાસ થાય છે તેટલો પોતાનો પણ થતો નથી, અને તેથીજ સર્વે કોઇ વિશેષે કરીને સત્પુરૂષોનો પ્રીતિથી સમાગમ કરવાને ઇચ્છે છે. (**ધર્મશાસ્ત્ર.**)

—સત્પુરૂષોનું દર્શનજ પુણ્ય રૂપ છે કારણ કે તેઓ તીર્થરૂપ છે. વળી તીર્થ તો કાળે કરીને ફળને આપે છે પરંતુ સાધુ સમાગમ તો તત્કાળ ફળ આપે છે. (**ચાણાકય નીતિ**)

—ખળ માણસ પણ સત્સંગથી સુધરે છે. દુર્જન અને સર્પ એ બેમાંથી સર્પ સારો છે. પણ દુર્જન સારો નથી. (**સુભાષિત.**)

—સત્સંગ કરવાથી ખળ પુરૂષોમાં પણ નિશ્ચે કરીને સાધુતા પ્રાપ્ત થાય છે. (**રત્નાવળી**)

—સત્પુરૂષોનો સમાગમ કરવાથી પરમપદ પ્રાપ્ત થાય છે. અને અગમ્ય તે પણ થોડા વખતમાં મેળવી શકાય છે. તેટલા માટે પ્રયત્ન વડે પણ સત્પુરૂષોનો સમાગમ નિત્ય કરવો. (**હિતોપદેશ.**)

दुनीयामां जीव–दयानो प्रचार.

(લખનારઃ—વાડીલાલ મોતીલાલ શાહ.)

---

(૧) સર્વ ધર્મોમાંથી અહિંસાનો ઉપદેશ કરનારાં વાકયો.

'અહિંસા પરમો ધર્મઃ' ના ઉપદેશક શ્રીયુત એચ્. એન્. શેશગિરિરાઓ (નં. ૬૬, હાઇરોડ, ઇંગમોર, મદ્રાસ) એઓએ જૂદાં જૂદાં ધર્મશાસ્ત્રોમાંથી જીવદયાને લગતાં પ્રમાણો શોધીને એક હેન્ડબીલ પ્રગટ કર્યું છે, જે કેટલીક વખતે ક્રીશ્ચીઅનોને, જાનવરનો હોમ કરનારા હિંદીઓને અને બુદ્ધધર્મના અનુયાયીઓને ઉપદેશ કરવામાં કામ લાગે તેમ હોવાથી આ સ્થળે જેમનું તેમ પ્રગટ કરવું ઉચીત ધાર્યું છેઃ—

Vegetarianism
AND
Tender-Heartedness.
TOWARDS LIVINC BEINGS.

AUM.

Some good principles of great Religions which are worthy of Daily Remembrance and Practice.

1. Man's healthy and natural food and drink are vegetable productions and good fresh water. (Bible: Gen. i; 29 and 30; ii: 16 and iii: 19; Dan. i: 12. 15 and 21.)

2. Man is to till the ground and 15; iii: 17. 18 and 23.)

3. Man is to treat the dumb animals with kindness: 'A righteous man regardeth the life+ of his beast." (Bible: Prove. xii: 10)

+ Note—The meanings of 'LIFE' in Hebrew are "Soul" and "a Living Soul" as explained in the margin against verses 20 and 30 respectively of chapter I, Genesis (Reference Bible, Old Version).

4. Animals are not to be slighted (Bible: Eccles iii; 18, 19, 20 and 21,)

5. "Thou shalt not kill." (Bible Ex. xx: 13.)

6. "Ma himsyat sarva bhutani" *i. e.* Torture not any living bieng. (Veda Sruti.)

7. "Atmavat sarva bhutani yah pasyati sa pasyati" *i. e.* He who looks upon all living beings like himself, sees God. (Veda Sruti.)

8. "Ahimsa paramo dharmah" *i. e.* Cessation from torture to living beings) is the highest religion (of man)—(Upanishad.)

9. "Prana danat param danam na bhutam na bhavishyati" *i. e.* There has not been nor will be a greater gift than the gift of life § (Bhishmacharya: Mahabhart.)

10. "I observe the precept to refrain from destroing the life* of beings." Budahist Dharma.

11. Intoxicating liquors and drugs are prohibited. 'I observe the precept to abstain from using intoxicants." (Buddhist Dharma.)

12. Love and do good to all mankind alike without difference of caste, colour or creed. All are equally loved by God. "A new commandment I give unto you, that ye love one another; as I have loved you, that ye also love one another" (Bible: St. John xiii. 34.)

The observance of the above principles will help to keep good health, control one's self, resist sin, acquire virtue and to lead a pure and happy life. It is also a part of the Divine Service.

જૈન ધર્મના દયાના સિદ્ધાંતનો બચાવ કરનાર એક યુરોપીઅન.

ઍલેકઝાન્ડર ગૅાર્ડન નામના એક પાશ્ચાત્ય વિદ્વાન મહાશય જૈન ધર્મ અંગીકાર કરી, જૈન ધર્મના સંબંધમાં કટાક્ષ લખનાર 'મેન્ચેસ્ટર ગાર્ડીઅન' પત્રના એક લેખકને 'ધી વેજીટેરીઅન મેસેન્જર એન્ડ હૅલ્થ-રિવ્યુ' નામના પત્રદ્વારા એક ઘણો ગંભીર અને બોધક જવાબ પ્રગટ કરે છે. ત્હેનું ગુજરાતી ભાષાંતર આ નીચે + આપવામાં આવ્યું છે. જીવ-દયાના સિદ્ધાંતનું **ખરૂ રહસ્ય** સમજનારાઓ નિંદાત્મક કટાક્ષનો જવાબ આપવામાં પણ કેટલી શાન્તિ જાળવી શકે છે એનો આ લેખ એક અચ્છો નમુનો છે.

+ ગત અંકના ૩૫૩ મે પૃષ્ટે "હિંદના જૈનો-વનસ્પત્યાહારી તરીકે" એ મથાળા નીચે પ્રગટ થયેલ લેખ કે જેના લેખક મી. વાડીલાલ મોતીલાલ શાહ છે. તે લેખનો ઉપરનો ભાગ સરત ચુક રહી ગયો હોવાથી તે અત્રે પ્રગટ કર્યો છે.

मांसना खोराक वीरुध जापाननी सरकार.

" સાંજ વર્તમાન " ના અધીપતી જોગઃ—

સાહેબ, સને ૧૯૦૯ ના. સપટેમ્બર મહીનામાં મારા જાણવામાં આવ્યું કે યુરોપીયન પ્રજાની દેખાદેખીથી જાપાનમાં ઢોરનું માસ ખાવાની ફેશન શરૂ થઇ હતી.

તે ઉપરથી જાપાનની પ્રજાએ શા માટે વેજીટેરીઅન થવું જોઇએ એ સંબંધી તે દેશના એક નામદાર શહેનશાહ સાહેબને મેં તા૦ ૨૭–૯–૧૯૦૯ ને રોજ અરજી કરી હતી તથા સુરતના જાણીતા લોકપ્રીય ડાકટર સાહેબ દીનશાહજી જીવાજી એદલબહેરામે મારા સદરહુ પ્રયાસને સંગીન ટેકો આપીને મુંબઇ ખાતેના જાપાનીઝ એલચી સાહેબને તે સંબંધમાં અરજી કરવા ઉપરાંત તેઓ સાહેબ હજુર એક વગવાળું ડેપ્યુટેશન લઇ ગયા હતા.

આપના દયાળુ વાંચનારા સાહેબો જાણીને ખુશી થશે કે જાપાનની સરકારે હાલમાં પોતાની પ્રજા જોગો એક સરક્યુલર પ્રસિદ્ધ કરીને આરોગ્યતા સંબંધી કેટલાક નીયમો જાહેર કર્યા છે તેમાં " માંસ બીલકુલ ખાવું નહિ " એવી સુચના કરેલી છે. (જુવો "સત્સંગ " સુરત, તા૦ ૧૨ મી જાનેવારી સને ૧૯૧૪.)

જાપાન જેવી આગળ પડતી પ્રજાના વેજીટેરીયન ખોરાકની આટકત્રી અસર બીજી પ્રજાઓ ઉપર પણ કેટલી થવાનો સંભવ છે તેનો આપ ખ્યાલ કરશો.

જુનાગઢ.
તા. ૧૫-૧-૧૯૧૪.

સેવક,
લાભશંકર લક્ષ્મીશંકર.

क्षय वगेरे दरदो माटे वेजीटेरीअन खोराक.

અમેરીકન ડાકટરોનો અનુભવ.

સાહેબ! હાલમાં આ દેશમાં ક્ષય વગેરે દરદો સંબંધી ઘણી ચર્ચા ચાલે છે તેથી અમેરિકામાં તેવા દરદીઓને અપાતા વેજીટેરીઅન ખોરાક સંબંધી નીચેના શબ્દો તરફ આપણું ધ્યાન ખેંચું છું.

(1) I have practised medicine for about forty years, but I have never succeeded in curing cancer and consumption unless my patients stopped flesh-eating, and lived upon vegetable foods.—Dr. G. A. Corning.

(2) The patients of the Archara Beach. Sanatorium are fed ou exclusively vegetarian diet, and are not permitted to partake of any kind of meat. This dietetic regime is extremely successful in the cure of any chronic ailment.—*Vegetarian Magazine*, Chicago, August, 1908.

આ દેશના દયાળુ ડાકટરો પણ ઉપર પ્રમાણે જુદાં જુદાં દરદોને વેજીટેરીઅન ખોરાકથી સાજાં કરીને પોતાનો અનુભવ પ્રસિદ્ધ કરવાની મહેરબાની કરે એવી મારી પ્રાર્થના છે.

જુનાગઢ.
તા. ૨૬–૧–૧૪

સેવક,
લાભશંકર લક્ષ્મીશંકર.

झुठी जाहेर खबर आपनारनो दंड.

પંજાબમાં આવેલા અંબાલા શહેરમાં પરમાનંદ નામનો એક મનુષ્ય પોતાને દાક્તર કહેવરાવી દવાનું કામકાજ કરતો હતો. તેને પારાનો ગલાસ બનાવી તે શુદ્ધ પારાનો છે અને અમુક ગુણ છે તથા અમુક વિદ્વાન દાક્તરોએ તેને વખાણ્યો છે અને પોતે મોટો અનુભવી દાક્તર છે તેવી મતલબની જાહેર ખબરો આપી હતી પણ તેજ ગામના ડૉ૦ મીલકીરામ નામના ગૃહસ્થે તે ખરીદી તપાસી જોયો તો તેમાં ચોખ્ખા પારાના બદલે પારો, સીસુ અને કલાઇ હતું. આ ઉપરથી પોલીસને ખબર આપતાં તે પ્યાલો રસાયનશાસ્ત્રીને તપાસવા આપ્યો. તેને મત આપ્યો કે "આ પ્યાલાનો હમેશ ચાલુ ઉપયોગ કરવાથી મારા મત પ્રમાણે તેમાં મળી ગયેલ સીસુ અને પારો એક પ્રકારની ઝેરી અસર કરી શકે" ત્યાર પછી વાપનારાઓની હકીકત મેળવતાં તેઓ તે પ્રકારે પીડાતા માલમ પડ્યા હતા. ન્યાયાધીશે તે માટે નીચલો ચુકાદો આપ્યો. "આ પ્યાલો જાહેર ખબરોમાં જેમ જણાવવામાં આવ્યું છે તેમ કેવળ ચોખ્ખા પારાનો નથી, પણ આરોગ્યતાને હાની કરનાર બીજી ધાતુઓ તેમાં સમાયલી છે અને આ પ્યાલાનો ઉપયોગ કરનારા બીચારા દરદોથી પીડાયા છે. વળી આ જાહેર ખબરને કેવળ જુઠાણાથી ભરવામાં આવી છે અને તેથી બીચારા ગ્રાહકો છેતરાયા છે અને તેઓને આ પ્રમાણે પ્યાલા ખરીદવાની લાલચમાં નાખવા માટે કપટ અને અપ્રમાણીકપણું વાપરવામાં આવ્યું છે આ પ્રમાણે તેના ઉપર ત્રણ ગુના સાબીત થાય છે તેથી હું આ ડૉ૦ પરમાનંદને રૂ. ૪૦૦) દંડ સાથે દરેક ગુના માટે છ મહીનાની સખત કેદની શીક્ષા ફરમાવું છું.

જુઠી જાહેર ખબર આપનારાઓ આથી ચેતજો. તમારૂં જુઠાણું આજે નાહિ તો વખત છતાં ડૉ૦ મીલકીરામ જેવા જાણુતા જરૂર બહાર પડશે અને ન્યાયાધીશ સજા કરશે; સત્યનો જય છે તે યાદ રાખવો.

દવા વાપરનારા અને વાપરવાની ભલામણ કરનારા ડાક્તરોને પણ ભલામણ છે કે તેઓએ દવાનો તપાસ કરી પછીજ ભલામણ કરવી કે વાપરવી. માત્ર પોતાના લોભના અર્થે દરદીઓને દુઃખમાં સપડાયા રાખી મૂકવાની ભૂલ થવા દેવી નહિ.

स्वीकार अन अवलोकन.

શ્રી અમદાવાદ શ્રાવિકા ઉદ્યોગ શાળાનો સને ૧૯૧૨ ની સાલનો આઠમો રીપોર્ટ નીહાળતાં તે શાળા બહુજ થોડા ખર્ચે ઉપયોગી કામ બજાવતી જણાય છે પણ લાભ લેતી શ્રાવિકાઓની સંખ્યા શહેરના પ્રમાણમાં ઘણીજ કમી છે તેમજ દિવસે દિવસે સંખ્યા વધવાના બદલે આગલા વર્ષોની સાથે સરખાવતાં રીપોર્ટવાળા વર્ષમાં બહુજ કમી છે. કમી થવાનું ખરૂં કારણ રીપોર્ટ ઉપરથી સમજી શકાતું નથી.

શાળાને મળતી માસિક મદદ બંધ થઇ હોવાથી તેના ઑ. સેક્રેટરી અને વ્યવસ્થાપક કમીટીએ પ્રયત્ન કરવો જોઇએ.

એ તો ચોક્કસ છે કે–સ્ત્રી સમાજ સુધર્યા વીના આપણી સાંસારી ઉન્નતિ થવી અશક્ય છે તો પછી રડવા કુટવામાં પોતાનું કર્ત્તવ્ય પુરૂં થતુ માનનારી અને કુથલીઓમાં લોકોનાં

ઘર ભગાવનારની ઉપમા પામનારી સૌભાગ્યવંતી અને વિધવા બહેનો માટે આવી શાળાઓ ખાસ આશીર્વાદ રૂપ અને હીતકારક છે. અમદાવાદ શહેરમાં આવી ૪-૫ શાળાઓ સારા પાયા ઉપર અવશ્ય હોવી જોઈએ.

અમદાવાદ શહેરની જૈન વિધવાઓમાં ભણેલી માત્ર ૧૪૨ છે જ્યારે અભણ ૧૪૯૯ છે, અને પરણેલીમાં ૮૯૪ છે જ્યારે અભણ ૨૬૪૧ છે. આ સંખ્યા સેક્રેટરીએ ૧૯૦૮ માં થયેલ ડીરેકટરી ઉપરથી રજુ કરી છે તે જોતાં સ્ત્રીઓનું ભણેલ પ્રમાણ ફક્ત ૨૦ ટકા (અભણ ૮૦ ટકા) ખરેખર ખેદજ ઉપજાવી શકે.

૧૯૦૭માં અત્રે ભરાયેલ કૉનફરન્સ પ્રસંગે મહિલા પરિષદ્ થઇ હતી અને તેમાં કેટલીક આવક પણ થઈ હતી, જેમાંથી મદદ મેળવવાને આ શાળાએ કરેલા પ્રયત્નનો સ્વીકાર થયો નથી એમ રીપોર્ટ ઉપરથી સમજાય છે પણ તેથી નીરાસ ન થતાં શાળાના વ્યવસ્થાપકો જો ખંતથી મંડયા રહેશે તો જોઇતી મદદ મેળવી શકશે.

અત્રે સુચના કરવી યોગ્ય જણાય છે કે રીપોર્ટ જેમ બને તેમ વર્ષ પુરૂં થયા બાદ જલદી પ્રગટ કરવો અને બનતાં સુધી મેળાવડો કરી તેમાં વાંચવો અને અન્યોને તે પ્રસંગે હાજરી આપવા આમંત્રણ કરી શાળાથી વધુ જાણીતા કરવા. કરકસરનો નિયમ રીપોર્ટની છપાઇ અને મેળાવડાના અંગે હીતકારક નથી. માત્ર હેન્ડબીલના રૂપમાં પ્રગટ થતો રીપોર્ટ સારી અસર ઉપજાવી શકતો નથી. રીપોર્ટની વીગતમાં વધારે સ્પષ્ટતાની જરૂર છે તેજ રીતે હીસાબની વીગતમાં પણ જરૂર છે. તેમજ સરવૈયુ દાખલ કરી ઓડીટ કરાવવો વગેરે સુધારાની જરૂર છે.

કમીટીના કેટલાક ગૃહસ્થો શ્રીમાન હોવાથી તેઓ પોતાની તરફથી વાર્ષિક મદદ યથાશક્તિ આપવાની શરૂઆત કરી પોતાના મિત્રો અને શ્રીમંતો પાસેથી તેવી મદદ મેળવવા સુપ્રયત્ન કરશે તો શુભ ફળ આપશેજ. પ્રયત્ન વિના ગમે તેવા સારા કાર્યને ઉત્તેજન મળતું નથી. "બોલે તેનાં બોર વેચાય." માટે પ્રયત્ન કરવોજ હીતકર છે.

\+ + + + +

શ્રીમન્ મુનિશ્રી મોહનલાલજી **જૈન સેંટ્રલ લાઇબ્રેરી** અને **સંસ્કૃત પાઠશાળા** મુંબાઇ. મજકુર સંસ્થાનો જાન્યુઆરી ૧૯૧૩ સુધીનો ત્રીજો વાર્ષિક રીપોર્ટ નીહાળતાં જણાય છે કે તે ધીમે ધીમે લોક પ્રીયતામાં વધારો કરતી જાય છે અને તેના વ્યવસ્થાપકો પણ તેને આગળ વધારવાને ઉત્સાહી થતા જણાય છે.

કહેવાને હર્ષ થાય છે કે પુસ્તકાલયો અને લાઇબ્રેરીઓ અનેક સ્થળે હશે પણ આ સંસ્થાની માફક કાયદા કાનુનસર ટ્રસ્ટડીડના બંધારણ મુજબ કામ કરનાર અને નિયમિત રીપોર્ટ પુરો પાડનાર જૈનોમાં આ એકજ પુસ્તકાલય છે.

રીપોર્ટવાળા વર્ષ દરમીયાન ટ્રસ્ટડીડનું કામ સંપૂર્ણ પાર પાડવામાં આવ્યું છે અને તે અંગ્રેજી અને ગુજરાતીમાં છપાવી આ રીપોર્ટની સાથેજ પુરૂ પાડવામાં આવ્યું છે. તેમજ લાઇબ્રેરી અને પાઠશાળાનું કામ નિયમિત સારા પાયા ઉપર ચાલે તે માટે રીપોર્ટવાળા વર્ષમાં કાયદાકાનુનો પણ તૈયાર કરી પસાર કરવામાં આવ્યા છે; હરેક સંસ્થાને લાંબે વખત ચીરસ્થાયી બનાવવા માટે બંધારણ અને તે પ્રમાણે કામ લેનાર વ્યવસ્થાપકોજ પાયારૂપ હોઇ શકે છે.

લાઇબ્રેરીમાં આવતા માસિક, અઠવાડિક અને દૈનીક વર્તમાનપત્રોની સંખ્યા ૬૦ ની થઇ છે જેમાં હજુ વધારવાની ખાસ જરૂર છે એમ ત્યાં આવતાં માસીકો વગેરેથી જણાય છે

અને રીપોર્ટમાં પણ વધારો કરવાની ઇચ્છા દર્શાવી છે. તેજ રીતે પુસ્તકોની સંખ્યા ૩૪૨૫ ઉપરથી ૪૭૨૨ ઉપર ગઇ છે જે આગલા વર્ષથી ૧૨૯૭નો વધારો બતાવે છે પણ કહેવું જોઇએ કે મુંબાઇ જેવા શહેર માટે અને ખાસ કરી સેંટ્રલ લાઇબ્રેરીના નામ પ્રમાણે તે સંખ્યા ઘણીજ નાની કહેવાય. વળી તેનો લાભ જે પ્રમાણમાં લેવાય છે તે જોતાં કહેવું જોઇએ કે પુસ્તકોની તે સંખ્યામાં એકદમ વધારો કરવો જરૂરનો છે. દરવર્ષે માત્ર એક હજારની કીંમતનાં પુસ્તકોજ ખરીદવા કમીટી ઠરાવ કરે છે એમ રીપોર્ટથી જણાય છે પણ ગમે તે માર્ગે થોડી જુદી ઉપજ (વધારે નહિ તો ૧૦ હજાર રૂપીઆની) કરી ૧–૨ વર્ષમાં તેટલી રકમનાં પુસ્તકો ખરીદવામાં આવશે. અને પછી દરવર્ષે ૧૦૦૦ ની રકમમાંથી નવાં પ્રગટ થતાં ખરીદ કરવામાં આવશે ત્યારેજ સેંટ્રલ લાઇબ્રેરીને યોગ્ય પુસ્તકો એકઠાં થઇ શકશે.

ડીપોઝીટ મુકી પુસ્તકો ઘેર વાંચવા લઇ જનારાની સંખ્યા પ્રથમ વર્ષમાં ૨૨૩૧ ની હતી જ્યારે બીજા વર્ષમાં ૫૩૪૦ ની થઇ અને ત્રીજા વર્ષમાં ૧૦૦૨૮ ની થઇ. આ સંખ્યા તરફ નજર કરતાં જૈન ધર્મનાં અને ગુજરાતી, હિંદી, સંસ્કૃત, અંગ્રેજી, મરાઠી એમ સર્વે મળી ૪૭૨૨ પુસ્તક શું હીસાબમાં ? હસ્ત લીખીત ગ્રન્થો ચોકસ સરતોએ બહાર ગામ મોકલી શકાય તેવી ગોઠવણ કરી છે. એમ રીપોર્ટ ઉપરથી સમજાય છે.

પુસ્તકો ઘેર વાંચવા લઇ જનાર ૧૦૦૨૮ ની સંખ્યામાં ૬૯૩૧ જૈનેતર છે જ્યારે ફક્ત ૩૦૯૭ જૈનો છે. આ ઉપર જૈનોમાં વાંચન શોખ કેટલો કમતી છે તે સમજી શકાશે. રીપોર્ટમાં મુંબઇ શહેરની જૈન વસ્તીની ૨૦૪૬૦ ની સંખ્યામાં ભણેલ ૧૧૬૨૭ તથા અભણ ૮૮૩૩ જેમાં અંગ્રેજી લખી વાંચી જાણનાર ૧૧૯૨ જણાવેલા છે તે જોતાં કેળવણીની બાબતમાં જૈન કોમ ખુદ મુંબઇમાં પણ હજુ ઘણી પછાત છે એમ કહી શકાય.

પુસ્તકાલય અને લાઇબ્રેરીની માફક પાઠશાળાનો લાભ જૈનેતર વિદ્યાર્થી કરતાં જૈન વિદ્યાર્થી ઓછો લે છે તે માટે કોઇ સારો ઉપાય હાથ ધરી જૈન વિદ્યાર્થીઓને સંસ્કૃતના અભ્યાસ માટે લલચાવવા જોઇએ છે.

વાંચનારની દિનપરદિન વધતી જતી સંખ્યાને પહોંચી વળવા અને ખાસ કરી મુંબાઇના જૈનો મુનિશ્રીના મહાન્ ઉપકારને કૃતાર્થ કરવા આ લાઇબ્રેરી માટે પાયધુણી કે ભુલેશ્વર જેવા વધારે સગવડવાળા સ્થાને એક ખાસ બીલ્ડીંગ થવાની જરૂર છે. અનુકૂળ સમયે જો તે કાર્ય હાથ ધરવામાં આવે તો આશા રાખી શકાય કે મુંબાઇના જૈનો તેને ટેકો આપ્યા વીના રહેશે નહિ.

રીપોર્ટ જોડે લાઇબ્રેરી સંબંધી આપવામાં આવતા લેખ માટે તેના ઉત્સાહી સેક્રેટરીઓની પ્રવૃત્તિ પ્રશંસનીય છે.

× × ×

ઝેર ઉતારવાના તાત્કાલિક ઉપાયો.—સંગ્રહ કર્ત્તા વ્યાસ **શંકરલાલ મગનલાલ (નાંદોલ)** આ નાનકડું પણ ઉપયોગી પુસ્તક છે; જેમાં ઝેરી જંતુઓ જેવા કે સાપ, વિંછી, ઉંદર, મધમાખ, કુતરૂં, વગેરેના કરડવાથી ચડતા ઝેરને ઉતારવાને સસ્તી અને દરેક નાના ગામડામાં મળી શકે તેવી દવાઓ અને ઉપાયો બતાવ્યા છે, તથા અફીણ, પારો, હડતાલ, ઇત્યાદીના ઝેરને ઉતારવાના પણ ઉપાયો બતાવ્યા છે. કદના પ્રમાણમાં કીંમત ૦–૪–૦ બહુ જણાય છે; પરંતુ બીજી આવૃત્તિ સારા કાગળ ઉપર સારી છપાઇથી બહાર પડે અને ૦–૧–૦ કીમત રખાય તો વધુ પ્રચાર થાય; અને તેમ કરવું પોસાય તેમ જણાય છે.

ઉપદેશ રત્નાવલી.

(લેખકઃ-મુનિશ્રી અજીતસાગરજી.)

૧. દુનિયામાં ચડતી પડતી ચાલી જાય છે.

૨. દુઃખમ કળીકાળ નામે પાંચમો આરો હાલમાં વર્તે છે માટે ધર્મહિણ હોય તે કુશળ, શાણા અને સુખીયા ગણાય તે બનવા જોગ છે.

૩. કોઇનો મધ્ય દિવસ હોય છે ત્યારે કોઇની મધ્ય રાત્રિ જણાય છે.

૪. પોતાની તથા પરની ઉન્નતિ ઇચ્છનાર માણસે કદાપિ કાળે શ્રીમંતોની મેહમાં તણાવું નહિ.

૫. આપણા મનને નિર્મળ બનાવી પરાધિનપણાની જાળમાં પડવું નહિ.

૬. દૈવની ગતિમાં જેવું લખાયું તે ટાળવાને કોણ સમર્થ છે?

૭. દુઃખ ટાળવાને માણસ બનતા પ્રયત્નો કરે છે તથાપિ ભાવી ભાવ આગળ કંઇ ચાલતું નથી.

૮. સજ્જન પુરૂષની સજ્જનતાથી સર્વ જગતને શાંતિ મળે છે. ત્યારે ઉદ્ધતની ઉદ્ધતાઇથી જગતને ઘણું ખમવું પડે છે.

૯. ઉદ્ધત માણસ પોતાની જીંદગીમાં પરહિત ન કરતાં પોતાનું ધાર્યુંજ કરે છે. તેમજ પોતાની સત્તાનો દુરૂપયોગ કરે છે.

૧૦. કાર્યાકાર્યનો વિચાર કરીને અસત્ય માર્ગનો ત્યાગ કરવો અને સત્ય માર્ગ સ્વીકારવો.

૧૧. મનુષ્યે ધર્મ અને સુખ સંપાદન કરવા માટે સત્પુરૂષોનો સંગ કરવો જોઇએ.

૧૨. જે માણસ મોજમજા માટે ધનનું અને જીવનનું રક્ષણ કરે છે, પરંતુ જગતના ભલા માટે તેનો સદુપયોગ કરતો નથી, તેનાં ધન અને જીવન નકામાં છે.

૧૩. જે માણસ નીતિથી ધનનો સંગ્રહ કરે છે, તેજ તેને સ્વપરના કલ્યાણાર્થે વાપરી શકે છે.

૧૪. માનના પૂજારી નામધારી સત્પુરૂષને નમસ્કાર કરવા કરતાં પોતાના ભલાને માટે દુર્જનને નમસ્કાર કરવો એ વધારે સારૂં છે.

૧૫. મનુષ્યે હમેશાં સત્ય અને મનને આનન્દ આપે તેવી મધુર વાણી બોલીને સર્વ જગતને રાજી રાખવું.

૧૬. અન્ય જનો પોતાને દુઃખ આપે છતાં-પોતે તેને દુઃખ થાય એવી કઠોર વાણી પણ બોલવી નહિ.

૧૭. સર્વ ભાષા વિદ્યામાં કુશળ અને ધાર્મિક વિચારોમાં કુશળ એવા મનુષ્યે પણ અનુભવી સદ્ગુરૂનું નિરંતર સેવન કરવું.

૧૮. જીજ્ઞાસુ મનુષ્યે ઉત્તમ પ્રકારના પોતાના વિનય ગુણથી નિરંતર ગુરૂને સંતુષ્ટ રાખવા.

૧૯. કોઇ મનુષ્યને પોતાના શત્રુ તરીકે પ્રગટ કરવો નહિ તેમ પોતે પણ કોઇના શત્રુ થવું નહિ.

૨૦. બીજાએ કરેલું પોતાનું અપમાન બાહર પાડવું એ મૂર્ખ માણસનું લક્ષણ છે.

૨૧. મનુષ્યે પોતાના ઉપર પોતાના ઉપરીની થયેલી અવકૃપાને પણ પ્રગટ કરવી નહિ.

૨૨. હાલમાં મ્હારાં રાત્ર અને દિવસો કેવા કામમાં જાય છે? આ પ્રમાણે નિરંતર વિચાર કરનારો પુરૂષ દુઃખ ભોગવતો નથી.

૨૩. અનુભવ કર્યા વિના અથવા તો યથાર્થ જાણ્યા વિના કોઇ પણ બાબતમાં પોતાનો અભિપ્રાય દર્શાવવો નહિ.

૨૪. સમીપમાં રહેલાં શીંગડાવાળાં, નખવાળાં ને ડાઢવાળાં પ્રાણીઓનો, દુર્જનોનો, નદીઓનો અને સ્ત્રીઓનો વિશ્વાસ નજ કરવો.

૨૫. રસ્તે ચાલતાં ચાલતાં ખાવું નહિ, બોલતાં બોલતાં હસવું નહિ, ખોવાયલી વસ્તુનો શોક કરવો નહિ અને પોતે કરેલું કામ કહી બતાવવું નહિ.

૨૬. પોતાને જે માણસનો વિશ્વાસ ન હોય તેની પાસે ઉભા રહેવું નહિ.

૨૭. નિરન્તર છુપાઇને કોઇની વાર્તા સાંભળવી નહિ તેમજ નીચની નોકરી કરવી નહિ.

૨૮. મોટા પુરૂષોએ જે કામ પોતાની સાથે રહીને કરવાની ના કહી હોય તે કામ તેઓની સાથે રહીને કરવાની ઇચ્છા પણ કરવી નહિ.

૨૯. મનુષ્યે ક્ષણે ક્ષણે વિદ્યા અને કણે કણે ધનનો સંગ્રહ કરવો.

૩૦. વિદ્યા અને ધન મેળવવાની ઇચ્છાવાળા મનુષ્યે નિત્ય એક ક્ષણને તથા એક કણને પણ વ્યર્થ જવા દેવો નહિ.

૩૧. જેની સાથે ઉત્તમ મિત્રતા કરવાની ઇચ્છા હોય તેની પાસેથી પૈસા લેવાની ઇચ્છા કરવી નહિ, તથા તેની ગેરહાજરીમાં તેને ઘેર જવું નહિ, તથા તેની સ્ત્રી સાથે એકાંતમાં ભાષણ કરવું નહિ. તેને વારંવાર મળવું, તેને અનુકૂળ લાગે તેમ બોલવું, તેના કામમાં સહાયતા કરવી. અને આપત્તિના સમયમાં તેની સંભાળ લેવી.

જે માણસ પોતાના અને માતપિતાના ગુણોથી પ્રખ્યાત હોય તેને ઉત્તમોત્તમ જાણવો, જે કેવળ પોતાના ગુણોથી પ્રખ્યાત હોય તેને ઉત્તમ જાણવો, જે પિતાના ગુણોથી પ્રખ્યાત હોય તેને મધ્યમ જાણવો, જે માતાના ગુણોથી પ્રખ્યાત હોય તેને કનિષ્ઠ જાણવો, અને જે ભાઇના ગુણોથી પ્રખ્યાત હોય તેને અધમ જાણવો, જે પુરૂષ પોતાની પુત્રીના, સ્ત્રીના અથવા તો બ્હેનના ભાગ્યથી ભાગ્યશાળી ગણાતો હોય તેને અધમાધમ જાણવો.

૩૩. બુદ્ધિમાન મનુષ્યે થોડા કારણ માટે અભિમાન કરી બહુ ધન ઉડાડી દેવું નહિ.

विहार.

તા. ૭-૨-૧૪ વાર શનિને દિને માણસા મુકામેથી શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય યોગનિષ્ઠ શ્રીમદ્ બુદ્ધિસાગરજી સૂરિશ્વરજીએ પોતાના દશ શિષ્યો સાથે વિહાર કર્યો હતો. તે પ્રસંગે સકળ નગરવાસી શ્રાવક શ્રાવિકાઓએ સૂરિ દર્શનનો લાભ લીધો હતો. તેમજ ઇતર જનોએ પણ ઘણી લાંબી સંખ્યામાં હાજરી આપી હતી. નગર બાહર આચાર્ય મહારાજશ્રીએ આત્મહિત સંબંધી બોધ ઘણી સરસ રીતે આપ્યો હતો. જેથી કરી શ્રોતાજનોપર ઘણી સરસ અસર થઇ હતી. અને પ્રસંગને અનુસરી ઘણાં વ્રત પચ્ચખાણ પણ થવા પામ્યાં હતાં. પશ્ચાત્ આચાર્ય મહારાજશ્રીની જય બોલાવી સર્વે જનો પાછા વળ્યા હતા.

તે પ્રસંગે ગામ રીદરોલવાસી શ્રાવકવર્ગ આચાર્ય મહારાજશ્રીને વિનંત્યર્થે આવેલો તે તથા માણસાના કેટલાક ગૃહસ્થો સૂરીશ્વરજીની સાથે ગામ રીદરોલ આવ્યા હતા. અત્રે ઉપાશ્રયની અંદર દહેરાસરજીનું કામ ચાલતું હોવાથી આચાર્ય મહારાજશ્રીને શેઠ રીખવદાસજીના

મકાનમાં જગ્યા આપવામાં આવી હતી. ત્યાં પધારી "શ્રાવકનો ધર્મ શું?" એ વિષયમાં સૂરિજી મહારાજે ઉત્તમ રીતે વ્યાખ્યાન આપ્યું હતું. જેથી શ્રોતાઓને ઘણો બોધ મળ્યો હતો. અત્રે મહારાજશ્રી ત્રણ દીવસ રહ્યા હતા. તે દરમ્યાનમાં ગામ આજોલનો સંઘ તથા લોદરાનો સંઘ તેમજ વિજાપુરનો સંઘ આચાર્ય મહારાજશ્રીનાં દર્શન કરવાની ખાતર આવ્યો હતો. મહારાજશ્રીએ બોધ આપી પાઠશાળાની ટીપ અત્રે કરાવી હતી તેમાં કેટલાંક નાણાં ભરાયાં હતાં.

તા. ૧૦–૨–૧૪ વાર મંગળને દીને રીદરોલથી વિહાર કરી આચાર્ય મહારાજશ્રીએ આજોલ ગામમાં પ્રવેશ કર્યો તે પ્રસંગે ત્યાંના નગરજનોએ ઘણાજ આડંબરની સાથે સામૈયું કર્યું હતું. અત્રે મહારાજશ્રી ચાર દીવસ રહ્યા હતા. આ ગામમાં એક જુનું ખાલી દહેરૂ ઘણા જુના વખતનું છે. તે જૈનોનું છે એમ અત્રેના લોકો જણાવે છે.

તા૦ ક૦ ગામ રીદરોલમાં આચાર્ય મહારાજશ્રીના સદુપદેશથી એક યુવાન રજપુતે જીવનપર્યંત દારૂ માંસનું ભક્ષણ ત્યાગ કર્યું હતું.

તા. ૧૪–૨–૧૪ને વાર શનિને દિને શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરિજીએ આજોલથી વિહાર કરી લોદરામાં પ્રવેશ કર્યો હતો. તે પ્રસંગે સૂરિશ્વરજીએ આપણે કરવું શું; એ વિષયમાં ઘણું વિવેચન કર્યું હતું. અત્રે પાંચ દીવસ મહારાજશ્રીનો મુકામ થયો હતો. દરરોજ સવારમાં વ્યાખ્યાન તેમજ બપોરના જુદી જુદી પૂજાઓ ભણાવાતી હતી. જૈનો તથા જૈનેતરો ઘણા ભાવથી ભાગ લેતા હતા. જેથી જૈનધર્મની સર્વ ગામમાં એકી અવાજે પ્રશંસા થવા પામી છે. અત્રેથી તા. ૧૯–૨–૧૪ ને વાર ગુરૂને દિને મહુડી ગામના સકળ સંઘનો ઘણોજ આગ્રહ હોવાથી આચાર્ય મહારાજશ્રી મહુડી પધાર્યા ત્યાં શેઠ કાલીદાસના મકાનમાં સૂરિજી મહારાજને જગ્યા આપવામાં આવી હતી. આ ગામની અન્દર કોળી લોકોની ઘણીજ વસ્તી છે તે સર્વે આચાર્ય મહારાજના દર્શનાર્થે આવ્યા હતા તેઓને મહારાજશ્રીએ દારૂ માંસ વગેરેના ત્યાગ સંબંધી ઘણો સરસ બોધ આપ્યો હતો. જેથી ઘણા જનોએ દારૂ માંસ નહિ વાપરવું તથા જીવઘાત નહિ કરવો એવા નિયમ ધારણ કર્યા હતા.

મહુડી ગામ સાભ્રાવતીના કાંઠા ઉપર વસેલું છે. તેની નજીકમાં ખડાયતા ગામ છે. ખડાયતા પૂર્વે જૂનું અને મોટું નગર હતું જેની અન્દર જૈનોનાં દહેરાસર ઘણાં સારાં સારાં હતાં. હાલમાં પણ તેની નિશાનીઓ હયાત છે જે જોવાની ખાતર પૂજ્યપાદ આચાર્ય મહારાજ પોતાના કેટલાક મુનિયોને તથા મહુડી, લોદરા, આજોલ, વિજાપુર વિગેરે ગામોના શ્રાવક વર્ગની સાથે પધાર્યા હતા. રસ્તામાં જતાં પ્રથમ બે મ્હોટાં ઓઘાં ઉતરવાનાં તથા ચડવાનાં આવે છે. બાદ નગરના જુના પાયાઓ તથા મકાનોના પથ્થરો નજરે પડે છે. એક એક ઇંટ એવી છે કે જેનું માપ એક ગજ જેટલું છે. અને વજન ત્રીશથી તે પાંત્રીશ શેર લગભગ થવા પામે છે. થોડે દૂર જતાં એક જગ્યા પર જંગલમાં કેટલાક પથ્થરો તથા દેવીઓની મૂર્તિયોનો જથો જંગલવાસી જનોએ એકઠો કરી રાખેલો દ્રષ્ટિગોચર થવા પામ્યો હતો જેનું નિરિક્ષણ કરતાં એક સફેદ પાષાણની અંબિકા દેવિની પ્રતિમા ખાસ જૈનોની છે. એમ નક્કી જણાયું છે. તેમજ એક ધડ વગરનું મસ્તક જિન પ્રતિમાનું તેજ સ્થળે પડેલ છે. આગળ ચાલતાં એક નાના વહેળાના કાંઠા ઉપર એક કાઉસગ્ગીઆ જૈન પ્રતિમા જૈનશ્વેતાંબરોની લગભગ ચાર પાંચ ફુટ ઉંચી દેખાય છે.